RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 254* Date: 11.07.2021 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ADRએ રિપોર્ટ જાહેર કર્યો,૮૨ ટકા પ્રધાનો ગ્રેજ્યુએટ કે તેથી ઉપર

# મોદી મંત્રીમંડળના ૪૨ ટકા ચહેરાઓ ગુનાહિતઃ ૯૦ ટકા કરોડપતિ

**કેન્દ્રીય મંત્રીમંડળના ૭૮ પ્રધાનોમાંથી ૪૨ ટકાએ પોતાની સામે આપરાધિક કેસ હોવાનું જાહેર કર્યુ, ૩૧ પ્રધાનોએ હત્યા,હત્યાનો પ્રયાસ,લૂંટ જેવા ગંભીર કેસની જાહેરાત કરી, ૮ પ્રધાનોની સંપત્તિ ૧ કરોડથી ઓછી છે,સૌથી ગરીબ પ્રતિમા ભૌતિક**



*ન્યુ દિલ્હી,તા.૧૦*

મોદી સરકારના બીજા કાર્યકાળના પહેલા કેબિનેટ વિસ્તરણ પછી ૭૮ પ્રધાનોનું પ્રધાન મંડળ અત્યાર સુધીનું સૌથી યુવા અને સૌથી શિક્ષિત છે. પણ ગુનાહિત કેસોનું કલંક આ પ્રધાન મંડળમાં પણ ઓછું નથી.

નવા પ્રધાન મંડળના ૪૨ ટકા ચહેરાઓ ગુનાહિત કેસનો સામનો કરી રહ્યા છે. આ દાવો નેશનલ ઈલેકશન વોચ અને એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ્સ (એડીઆર)એ પોતાના તાજા રિપોર્ટમાં કર્યો છે. જોકે રિપોર્ટમાં એ પણ કહેવાયું છે કે પહેલીવાર દેશના દરેક ખુણાને પ્રધાન મંડળમાં પ્રતિનિધિત્વ મળ્યું છે.

બધા પ્રધાનોના શપથપત્રોના વિશ્લેષણ પછી બહાર પડાયેલ રિપોર્ટ મુજબ પ્રધાનમંડળના ૭૮માંથી ૩૩ પ્રધાનો એટલે કે કુલ ૪૨ ટકાએ પોતાના પર ગુનાહિત કેસ હોવાની વાત સ્વીકારી છે. એમાંથી ૨૪ પ્રધાનો એટલે કે ૩૧ ટકા ઉપર ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓમાં હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ જેવા ગંભીર અપરાધ નોંધાયેલ છે. પશ્ચિમ બંગાળના અલીપુરદ્વારના સાંસદ અને લઘુમતિ બાબતોના રાજ્યપ્રધાન જોન બરલા પર ૨૪ ગંભીર પ્રકારની કલમોવાળા ૯ કેસ અને ૩૮ અન્ય કેસો છે.

કૂચબિહારના સાંસદ અને ગૃહ રાજ્યપ્રધાન નિશિત પ્રમાણિક પર ૧૧ કેસ ગંભીર પ્રકારની ૨૧ કલમોના છે. નાણા રાજ્યમંત્રી બનાવાયેલા ઉત્તરપ્રદેશના મહારાજગંજના સાંસદ પંકજ ચૌધરી પર હત્યાના પ્રયાસના કુલ પાંચ કેસ નોંધાયેલા છે.

રિપોર્ટ અનુસાર, કેન્દ્રીય કેબીનેટના પાંચ મંત્રીઓ પર સાંપ્રદાયિકતા ફેલાવવાના અને ધાર્મિક ભાવના ભડકાવવાના આરોપ છે. તેમાં ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ પ્રધાન ગિરિરાજસિંહ, કૃષિ રાજ્ય મંત્રી શોભા કરંદલાજે, ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાજય અને કોલસા મંત્રી પ્રહલાદ જોષી સામેલ છે. નિતીન ગડકરી સહિત સાત પ્રધાનો પર ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર રીતે આર્થિક લાભ ઉઠાવવાના આરોપ છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર, ૭૮માંથી ૭૦ પ્રધાનો કરોડપતિ છે, જે મોદી મંત્રીમંડળનો ૯૦ ટકા હિસ્સો છે. તેમાંથી ૪ પ્રધાનોની સંપત્તિ ૫૦ કરોડથી વધારે છે. સૌથી વધારે ૩૭૯ કરોડ રૂપિયાની સંપત્તિ નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાની છે.

કાપડ મંત્રી પીયુષ ગોયલની કુલ સંપત્તિ ૯૫ કરોડથી વધારે છે. એમએસએમઈ મંત્રી નારાયણ રાણેના નામે ૮૭ કરોડથી વધુ અને ઈલેકટ્રોનિક અને સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરના નામે ૬૪ કરોડથી વધારેની સંપત્તિ છે.

આઠ પ્રધાનોની સંપત્તિ એક કરોડથી પણ ઓછી છે, જેમાં સામાજીક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી બનેલ પ્રતિમા ભૌમિકના નામે ફકત છ લાખ રૂપિયાની કુલ સંપત્તિ છે. તેમને સૌથી ગરીબ પ્રધાન કહી શકાય. જોન બરલાના નામે ૧૪ લાખ અને કૃષિ રાજ્યમંત્રી કૈલાસ ચૌધરીના નામે ૨૪ લાખની સંપત્તિ છે.

આ કેબિનેટમાં ફકત ૧૨ પ્રધાનો (૧૫ ટકા)ની શૈક્ષણિક લાયકાત ૮ થી ૧૨ ધોરણ વચ્ચે છે. જ્યારે ૬૪ પ્રધાનો એટલે કે ૮૨ ટકા સ્નાતક અને તેનાથી વધારે લાયકાત ધરાવે છે. આમાં બે પ્રધાનો ડીપ્લોમાં હોલ્ડર છે તો ૧૭ સ્નાતક છે. અન્ય ૧૭ પાસે પ્રોફેશ્નલ સ્નાતક ડીગ્રી છે અને ૨૧ પ્રધાનો પોસ્ટ ગ્રેજ્યુએટ અને ૯ ડોકટર છે.

## લવ જેહાદ મુદ્દે સુપ્રિમે ઓડિશા, જમ્મુ-કાશ્મીર અને ચંદીગઢ પ્રશાસનને નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી,તા.૧૦

'લવ જેહાદ' સંબંધિત કેસમાં સુપ્રીમ કોર્ટે ઓડિશા, જમ્મુ-કાશ્મીર અને ચંદીગઢ પ્રશાસનને નોટિસ મોકલી છે. સુપ્રીમ કોર્ટ તરફથી આ નોટિસ ઓડિશાના એક દંપતી દ્વારા આ અરજી કરવામાં આવી છે, જેમાં તેઓએ તેમની ફાર્માસિસ્ટ પુત્રીને 'લવ જેહાદ'થી બચાવવા માંગ કરી હતી. લવ જેહાદ શબ્દ વર્ષ ૨૦૧૭-૧૮ના સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં કેરળના હડિયા-સફિન જહાં આ કેસમાં જોડાયા હતા. ન્યાયમૂર્તિ યુ.યુ. લલિત, ન્યાયમૂર્તિ અજય રસ્તોગી અને ન્યાયાધીશ અનિરુધ્ધ બોઝની ખંડપીઠે એડવોકેટ સુદર્શન મેનનની દલીલો સાંભળ્યા પછી ત્રણ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સંબંધિત મામલે સરકારને નોટિસ ફટકારી છે. સુનાવણી દરમિયાન વકીલે યુવતીને ચંદીગઢમાં મુસ્લિમ યુવક સાથે લગ્ન કર્યા પછી ગાયબ થયાની વાત જણાવી હતી. વકીલે કહ્યું કે લગ્ન પછી પુત્રી ક્યાં છે, કઈ હાલતમાં છે માતા-પિતાને તેના વિશે કોઈ માહિતી નથી. તેની પુત્રી લગ્ન પછી ગાયબ થઈ ગઇ છે. સુપ્રીમ કોર્ટે જવાબદારોને સુનાવણીની આગામી તારીખ ૨૩ જુલાઈ સુધીમાં પ્રતિ-એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું છે.

યુવતીના માતા-પિતાએ કહ્યું કે દીકરીએ કોઈ પણ ધર્મ અથવા જાતિમાં લગ્ન કરવા જોઈએ, તેમને તેમાં કોઈ વાંધો નથી. તેણે કહ્યું કે તેમની પુત્રી તેની પસંદગીની જગ્યાએ લગ્ન કરી શકે. જો તે હિન્દુ, ખ્રિસ્તી અથવા મુસ્લિમ છોકરા સાથે લગ્ન કરે છે, તો તે કોઈ પણ રીતે નુકસાન કારક નથી. તેણે કહ્યું કે તેને ડર છે કે લગ્ન માટે તેમની પુત્રી પર દબાણ કરવામાં આવ્યું છે. યુવતીના માતા-પિતાએ જણાવ્યું કે જે યુવકે તેની પુત્રી સાથે લગ્ન કર્યા છે તે હિન્દુ છોકરીઓને ફસાવતી ટોળકીનો સભ્ય હતો. તેમના માતા-પિતાને આ વાતને લઈને ચિંતા થઈ રહી છે. યુવતીના માતાપિતાએ કહ્યું કે તેઓ ચંદીગઢ ગયા અને પુત્રીને પોતાની સાથે લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમના પ્રયત્નો નિષ્ફળ ગયા. મુસ્લિમ યુવક આ સાથે, તેમની પુત્રીએ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં સુરક્ષા માટે અપીલ કરી હતી. બાદમાં આ અરજી પાછી ખેંચી લેવામાં આવી અને તે બંને ગાયબ થઈ ગયા. માતા–પિતાએ કહ્યું કે અમે મારી પુત્રીનો સંપર્ક કરી શક્યા નથી. યુવતીના માતા-પિતાને સતત એ વાતનો ડર છે કે તેમની પુત્રી સાથે કોઇ અનિચ્છનીય બનાવ ન બની જાય.

### કેરળ-મહારાષ્ટ્રે ચિંતા વધારી, રિકવરી રેટ ૯૭.૨ ટકાએ પહોંચ્યો

## દેશમાં કોરોનાથી મોતનો આંકડો હજારને પારઃ ૨૪ કલાકમાં ૪૨,૭૬૬ નવા કેસ




*ન્યુ દિલ્હી,તા.૧૦*

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી શનિવારે સવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૨,૭૬૬ નવા કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં કોરોના કેસનો ટોટલ આંકડો ૩,૦૭,૯૫,૭૧૬ પહોચ્યો છે. છેલ્લા ૬ દિવસમાં આ ચોથો દિવસ છે જ્યારે દૈનિક કેસનો આંકડો ૪૦ હજારની ઉપર રહ્યો છે. આ પહેલા ૬ જુલાઈના રોજ દેશમાં ૩૪,૭૦૩ કેસ નોંધાયા હતા જે ૧૧૧ દિવસમાં સૌથી આછા કેસ હતા.

કોરોનાથી થયેલા મોતની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાથી ૧,૨૦૬ લોકોનાં મોત થયા છે. મોતનું પ્રમાણ ૧.૩ ટકા છે. જોકે ગઈકાલના દિવસની વાત કરવામાં આવે તો એક જ દિવસમાં મોતનો આંકડો ફરી એકવાર ૩૦૦ જેટલો વધી ગયો છે. નિષ્ણાંતોને આ મોટો તફાવત ચિંતાનું કારણ દેખાય છે. નવા આંકડા સાથે દેશમાં અત્યાર સુધી કોરોનાથી મોતને ભેટેલા લોકોનો કુલ આંકડો ૪,૦૭,૧૪૫ થયો છે.

તો બીજી તરફ દેશમાં રીકવરી રેટમાં વધારો થયો છે. ૨૪ કલાકમાં ૪૫,૨૫૪ લોકો સાજા થયા છે. જેથી રીકવરી રેટ વધીને ૯૨.૭૦ ટકા જેટલો થયો છે. દેશમાં હાલ કુલ ૪,૫૫,૦૩૩ એક્ટિવ કેસ છે. જે દેશમાં કુલ સંક્રમણના આંકડાના ૧.૪૮ ટકા જેટલા છે. જ્યારે દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૧૯ ટકા થયો છે જે છેલ્લા ૧૯ દિવસથી સતત ૩ ટકા નીચે રહ્યો છે. તો સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૩૪ ટકા જેટલો છે. હાલ દેશ પર ત્રીજી લહેરનો ખતરો તોળાઈ રહ્યો છે ત્યારે આઈસીએમઆરના જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૯,૫૫,૨૨૫ સેમ્પલ ટેસ્ટ કરાયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪૨.૯૦ કરોડ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ઉપરાંત કોરોનાની ત્રીજી લહેરના ખતરાને ખાળવા માટે મોટાપાયે રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. દેશમાં અત્યારસુધી કુલ ૩૭,૨૧,૯૬,૨૬૮ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી ચૂકી છે. જે પૈકી ૩૦,૫૫,૮૦૨ રસીના ડોઝ ગઈકાલે એક દિવસમાં આપવામાં આવ્યા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે કેરળમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૩,૫૬૩ નવા કેસ નોંધાય છે. આ દરમિયાન રાજ્યમાં ૧૩૦ લોકોનાં મોત થયા છે. મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં કોરોનાના ૮,૯૯૨ કેસ નોંધાયા છે, જ્યારે ૭૩૮ લોકોનાં મોત થયા છે. તાલિમનાડુમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૬૯ લોકોનાં મોત થયા છે. કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૬૮ લોકોનાં કોરોનાથી મોત થયા છે.

આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે શુક્રવારે કહ્યું કે દેશ હજુ પણ મહામારીની બીજી લહેર સામે ઝઝૂમી રહ્યો છે અને આપણે આત્મનિરીક્ષણ કરવું પડશે કે શું આપણે એવી ભ્રામણ ધારણા બાંધીને તો નથી બેસી ગયા ને કે કોવિડ-૧૯ ખતમ થઈ ગયો છે. આ બાજુ નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) વી કે પોલે કહ્યું કે ટુરિસ્ટ પ્લેસની જે તસવીરો સામે આવી છે અને જે પ્રકારે લોકો નિયમો તોડી રહ્યા છે તે ગંભીર ચિંતાનો વિષય છે. આ પ્રકારની બેદરકારી વાયરસ ફેલાવવાના જોખમને વધારશે.

## વિશ્વમાં કોરોના હજી ધીમો નથી પડ્યોઃ WHOની ચેતવણી

*જિનિવા,તા.૧૦*

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામિનાથને ફરી એકવાર કોરોના વાયરસ સંબંધિત ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે વિશ્વના મોટા ભાગના ભાગોમાં કોરોના ચેપ વધી રહ્યો છે. આ તે વાતનો પુરાવો છે કે રોગચાળો હજી સમાપ્ત થયો નથી. તેમણે કોવિડ-૧૯ના વધતા જતા કેસોનું કારણ ડેલ્ટા વેરિઅન્ટને ગણાવ્યો છે. ડેલ્ટા વેરિઅન્ટ ખૂબ ચેપી છે. ભારતમાં પણ કોરોનાની બીજી લહેર માટે આ સ્ટ્રેનને જવાબદાર માનવામાં આવે છે.

એક ઈન્ટરવ્યુમાં સ્વામિનાથે કહ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૫૦ હજાર નવા કેસ મળી આવ્યા છે અને લગભગ ૯૩૦૦ લોકોનાં મોત થયાં છે. રોગચાળાની ગતિ હજી બંધ થઈ નથી. તેમણે કહ્યું કે ઘણા દેશોમાં રસીકરણની ગતિને લીધે, ગંભીર કેસ અને હોસ્પિટલમાં દાખલ થવાની સંખ્યામાં ઘટાડો થયો છે. તો બીજી તરફ વિશ્વના એક ભાગમાં ઓક્સિજનની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે, હોસ્પિટલોમાં પથારીની અછત છે અને મૃત્યુદરમાં વધારો થઈ રહ્યો છે.

તેમણે માહિતી આપી હતી કે ડબ્લ્યુએચઓનાં ૬ માંથી ૫ વિસ્તારોમાં કોરોનાનાં કેસો વધી રહ્યા છે. વળી, આફ્રિકામાં મૃત્યુ દર બે અઠવાડિયામાં ૩૦ ટકાથી વધીને ૪૦ ટકા થઈ ગયો છે. ઝડપથી ફેલાતા ડેલ્ટા વેરિઅન્ટ, વિશ્વભરમાં રસીકરણની ધીમી ગતિ અને સલામતીનાં પગલાંની શિથિલતા એ કેસોમાં વધારાનાં સૌથી મોટા કારણો છે. વિશ્વના ઘણા દેશો હવે અનલોક કરવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. ડબ્લ્યુએચઓએ આ અઠવાડિયે સરકારોને વસ્તુઓ ફરીથી શરૂ કરવા વિશે સાવચેત રહેવા જણાવ્યું હતું. ૧૯ જુલાઈથી ઈંગ્લેંડમાં કાયદાકીય પ્રતિબંધો હટાવવામાં આવશે. આ ઉપરાંત, માસ્ક પહેરવા જેવા પગલાં પણ વ્યક્તિગત ઈચ્છા પર આધારિત હશે.

અમેરિકા અને યુરોપમાં પણ ઓછા કેસોને કારણે ઘણી જગ્યાએ પ્રતિબંધ હળવા કરવામાં આવી રહ્યા છે. ડબ્લ્યુએચઓના આરોગ્ય ઈમરજન્સી પ્રોગ્રામના વડા, માઈક રેયાને બુધવારે મીડિયા બ્રીફિંગ દરમિયાન કહ્યું, આ વિચાર કે બધા વ્યક્તિ સલામત છે અને બધું સામાન્ય થઈ રહ્યું છે. આ કલ્પના વિશ્વમાં ક્યાંય પણ જોખમી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૫૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૮૨૪૧૪૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૨૫૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૮૧૨૭૧૮**

## પેટ્રોલમાં ૩૫ અને ડિઝલમાં ૨૬ પૈસાનો વધારોઃ દિલ્હીમાં પેટ્રોલ ૧૦૦ રૂ.ને પાર

ન્યુ દિલ્હી,તા.૧૦

આજે શનિવારે ૧૦ જુલાઈના રોજ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધુ એક વખત વધારો થયો છે. ઓઈલ કંપનીઓએ આજે કિંમતમાં વધારો કર્યો છે. આજે દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં લીટરે ૩૫ પૈસાનો જ્યારે ડીઝલની કિંમતમાં ૨૬ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૦૦.૯૧ રૂપિયા પ્રતિ લીટર થી છે. જ્યારે ડીઝલની કિંમત ૮૯.૮૮ રૂપિયા પ્રતિ લીટર થઈ છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા શુક્રવારે ઓઈલ કંપનીઓએ ડીઝલની કિંમત સ્થિર રાખી હતી.

ઉલ્લેખનીય છે કે હાલ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં રાહતની કોઈ આશા નથી. ક્રૂડ પ્રોડક્શનને લઈને ઓપેક પ્લસ દેશોની બેઠકમાં કોઈ સહમતિ નથી બની. જેના પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જેની અસર ઘરેલૂ બજારમાં કિંમત વધી રહી છે.

૧૦ જુલાઈના રોજ અમદાવાદમાં પેટ્રોલની કિંમત રૂ. ૯૭.૬૪ રૂપિયા છે. આજે પેટ્રોલની કિંમતમાં ૦.૩૪ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે ડીઝલની કિંમત રૂ. ૯૬.૭૨ રૂપિયા છે. ડીઝલની કિંમતમાં રૂ. ૦.૨૮ રૂપિયાનો વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે હાલ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં રાહતની કોઈ આશા નથી. ક્રૂડ પ્રોડક્શનને લઈને ઓપેક પ્લસ દેશોની બેઠકમાં કોઈ સહમતિ નથી બની. જેના પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જેની અસર ઘરેલૂ બજારમાં કિંમત વધી રહી છે.જુલાઈની ૧૦મી તારીખ સુધીમાં ૭ વાર પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો કરવામાં આવ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# ઓનલાઇન ભણતરમાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય કેવું......?

*તાજેતરમાં એક અનુભવી શિક્ષિત વૃધ્ધજને એક વાત કરી કે કોઈ પણ દેશને યુધ્ધ કર્યા સિવાય ખતમ કરવો હોય તો પ્રથમ તે દેશનું શિક્ષણ ખતમ થાય તેવું કરો, તેમજ તેના યુવાધનને નશીલા પદાર્થોના રવાડે ચડાવી દો, લોકો વધુ આળસુ થઈ જાય તે માટે તેમને ધર્માંધતા ફેલાવવા સાથે થોડા મહિનાઓ સુધી જીવન જરૂરી મફત સહાય આપો જેનું પરિણામ એ આવ ને કે લોકો નવું કરવાનું વિચારશે નહીં તથા આળસુ બની જશે, તેમજ કોઈ બાબતનો સામનો નહીં કરે તેવા નમાલા બની જશે... અને આ બાબતોની થોડા અંશે અસર ભારતમા થવા લાગી છે.....! અને તેમાં પણ કોરોનાકાળને કારણે આ પૈકી કેટલીક બાબતો થોડા ઘણામા ઘર કરી ગઈ હોય તેવી સ્થિતિ બની ગઈ છે.... પરંતુ મોટા ભાગની પ્રજાને આ બાબતોની અસર થઇ નથી તેનું કારણ છે ભારતની પ્રજામાં સનાતની સંસ્કારો જે સારી સુખદ બાબત છે. કોરોના કાળમાં મોટી અસર શિક્ષણ ક્ષેત્રમાં થઈ છે જેમાં દેશ ભરની શાળાઓ, કોલેજો, ક્લાસિસો સહિતના શૈક્ષણિક સંસ્થાનો દોઢેક વર્ષથી બંધ છે. આ સિવાય એક સમયે શિક્ષણ ક્ષેત્રે નિયમ હતો કે મોબાઇલનો ઉપયોગ કરવાનો નહીં પણ બાળકોના ભવિષ્યનો વિચાર કરી મોબાઈલનો ઉપયોગ કરવો પડે છે પરંતુ ઓન લાઈન ભણતરની અસર બાળકો પર કેવી આને કેટલી તે બાબત વિદ્યાર્થીઓના ભવિષ્ય પર કેવી થવા પામી છે તે શાળાઓ ખુલ્યા બાદ તથા ભણતર પૂરું થયા બાદ આમ વિદ્યાર્થી-વાલીઓ અનુભવી શકશે.*

*જો કે રાજકીય ક્ષેત્રે આ બાબતની અસર નહીં થાય. પરંતુ દેશને માટે બુધ્ધિ ધનમાં કેટલા પ્રમાણમાં નુકશાન થયું તે જાણવા મળશે. અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય ધુંધળા બનવાની સંભાવના વધી પડી છે.....! અને એ કારણે જે રાજ્યના વાલીઓ તથા ત્યાની સરકાર જાગૃત છે ત્યાં શાળાઓ સંપૂર્ણ રીતે નિયમોના અમલ સાથે કાર્યરત થઈ ગઈ છે. તેમજ ગુજરાત સહિતના કેટલાક રાજ્યોના વિદ્યાર્થી-વાલીઓ શાળા- કોલેજો શરૂ કરવા માંગ કરવા લાગ્યા છે..... જોકે શાળા- કોલેજો ખોલવાની મંજુરી આપવા સરકારો તૈયાર છે પરંતુ નિયમો સાથે, માત્ર ૫૦ ટકા વિદ્યાર્થીઓ ભણાવી શકશે.... સરકાર નિયમોનું પાલન કરવા સાથે મંજૂરી આપવાની તૈયારી કરી છે જેમાં કોલેજો આ અઠવાડીયામાં ગુંજતી થઈ જશે જ્યારે કે ધોરણ ૯ થી૧૨ માટે ઓગષ્ટમા શાળાઓને મંજૂરી આપી શકે છે...જેને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદ વ્યાપી ગયો છે.....! સરકારને બાળકોની ચિંતા હોઈ સ્વાસ્થ્ય નિષ્ણાતોની સલાહ મળે ત્યારે બાદ જ શાળા કોલેજ ખોલવા મંજૂરી આપે છે.....!*

## કોલેરાને ડામવા માટેના પગલાંઓ લેવા અને અસરગ્રસ્ત વિસ્તારમાં સમાવિષ્ટ

# નાગરિકોને જરૂરી મેડિકલ સહાય તાત્કાલિક ઉપલબ્ધ કરવા માટે પ્રશાસનને સૂચનાઓ આપી છે. - શ્રી અમિતભાઇ શાહ

**અસરગ્રસ્ત વિસ્તારમાં પ્રત્યેક ઘરે સર્વેલન્સ કામગીરી, ઓ. આર. એસ. અને ક્લોરીનની ગોળીઓ અને રોગચાળાની અટકાયત માટે જન જાગૃતિ માટે પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું**

ગાંધીનગર લોકસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ઉદભવેલ કોલેરાની પરિસ્થિત અંગે ગાંધીનગર જીલ્લા કલેકટર તેમજ જીલ્લા આરોગ્ય અધિકારી સાથે ટેલીફોનિક વાતચીત કરી, પરિસ્થિતિનો તાગ મેળવી, પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને જરૂરી તમામ પગલાઓ લઈ તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજયની ભાજપા સરકારોએ નાગરિકોની સુખાકારી અને સ્વાસ્થ્યની કાળજીને હંમેશા પ્રાથમિકતા આપી છે. તેઓએ કોલેરાને ડામવા માટેના પગલાંઓ લેવા અને અસરગ્રસ્ત વિસ્તારમાં સમાવિષ્ટ નાગરિકોને જરૂરી મેડિકલ સહાય તાત્કાલિક ઉપલબ્ધ કરવા માટે પ્રશાસનને સૂચનાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર લોકસભાના સાંસદશ્રી અમિતભાઈ શાહના શિરે કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રાલયની બેવડી જવાબદારી હોવા છતાં તેઓ તેમના લોકસભા ક્ષેત્રની તમામ સમસ્યાઓથી અવગત અને સંવેદનશીલ રહે છે અને નાગરિકોની કાળજી માટે સતત કાર્યશીલ રહી પ્રશાસનિક માર્ગદર્શન અને સૂચનાઓ આપતા રહે છે. ગાંધીનગર જિલ્લામાં આવેલ કલોલ શહેરમાં તાજેતરમાં સામે આવેલ કોલેરાની સમસ્યાના સંદર્ભમાં તેઓએ શક્ય તેટલી ઝડપથી આ રોગચાળા પર કાબૂ મેળવવા તંત્રને હિદાયત કરી હતી. આ માટે જિલ્લાના કલેક્ટરશ્રી, રિજિયોનલ મુખ્ય મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ દ્વારા કોલેરાગ્રસ્ત વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ ત્વરિત કાર્યવાહી હાથ ધરી કોલેરાને નાથવા જરૂરી પગલાંઓ પણ લેવામાં આવ્યા છે. જેમાં અસરગ્રસ્ત વિસ્તારમાં પ્રત્યેક ઘરે સર્વેલન્સ કામગીરી, ઓ. આર. એસ. અને ક્લોરીનની ગોળીઓ અને રોગચાળાની અટકાયત માટે જન જાગૃતિ માટે પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૨૪ કલાક હેલ્પલાઇન કાર્યરત કરી નાગરિકોને શક્ય તમામ મદદ માટેના સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. સાથે સાથે પ્રજાજનોને હાલના તબક્કે પીવાનું શુધ્ધ પાણી ટેક્કર દ્વારા પૂરું પાડવામાં આવી રહ્યું છે.

# અંબાજીમાં ત્રિશુળીયા ઘાટ પર બનાવેલ વ્યુ પોઇન્ટનું ના.મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યું

અંબાજી,તા.૧૦

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીને જોડતા દાંતા થી અંબાજી સુધીના ૨૨ કિ.મી.ના રસ્તાને ચારમાર્ગીય બનવવાનું કામ રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૧૨૦ કરોડની માતબર રકમથી પૂર્ણ કરવામાં આવ્યું છે. અંબાજીને જોડતા આ ચારમાર્ગીય રસ્તો, ત્રિશુળીયા ઘાટ ઉપર બનાવાયેલ વ્યું પોઈન્ટનું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શક્તિપીઠ અંબાજી ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશ અને દુનિયાભરના શ્રધ્ધાળુંઓ અંબાજી આવી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અંબાજીમાં દેશ- વિદેશથી આવતા યાત્રાળુંઓની સુવિધાઓમાં વધારો કરવા રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્રણ વર્ષ અગાઉ આ રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો. જેનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે. અમદાવાદથી અંબાજી, ડીસા-પાલનપુર થી અંબાજી, હિંમતનગરથી અંબાજી અને ઉત્તર ગુજરાતમાં અંબાજીને જોડતા રસ્તાઓને ચારમાર્ગીય બનાવવામાં આવ્યાં છે. પર્વતવાળા અને ડુંગરીયાળ વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખુબ ઝડપથી રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. તેમણે કહ્યું કે, યાત્રાધામ અંબાજીને પ્રવાસન ધામ તરીકે વિકાસવવું એ આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ધાર્મિક સ્થળ યાત્રાધામ અંબાજીને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અંબાજીમાં હરવા- ફરવા સહિત પ્રવાસનની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમણે ઉમેર્યુ કે, દાંતાથી અંબાજી રોડ પર ભૂતકાળમાં ત્રિશુળીયા ઘાટ ખાતે અવાર-નવાર અકસ્માતો થતાં હતાં આ રસ્તાને ચારમાર્ગીય બનાવવાથી અકસ્માતોને નિવારી શકાશે અને યાત્રાળુંઓની સુરક્ષામાં વધારો થશે. ત્રિશુળીયા ઘાટ ખાતે સુંદર વ્યું પોઈન્ટની સુવિધા બનાવાઇ છે. આ જગ્યાએ પરિવાર સાથે બાળકો, યુવાનો અને વડીલો લીલાછમ્મ ડુંગરાઓની વચ્ચે અંબાજી જતા-આવતા સમયે રોકાઇને હરીયાળીને માણી શકે છે.

# નાણાંની બચત સાથે તેનું સુયોગ્ય આયોજન જરૂરી : વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી



અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાસભા ખાતે ગ.વા.માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં ગુજરાત વિધાનસભાના કર્મયોગીઓ માટે વેલ્થ મેનેજમેન્ટ વિષય પર પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સિદ્ધાર્થ ભટ્ટ અને નિલેશ શાહે નાણાંની બચત અને રોકાણ સંદર્ભે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, હેલ્થ મેનેજમેન્ટની સાથે વેલ્થ મેનેજમેન્ટ પણ આજના સમયની માંગ છે ત્યારે નાણાંની બચત સાથે તેનું સુયોગ્ય આયોજન કરવું જરૂરી છે. કોરોના મહામારી ને કારણે નાગરિકોના આર્થિક આયોજનને પણ અસર પહોંચી છે એવા સમયમાં આ પ્રવચન કાર્યક્રમ અત્યંત ઉપયોગી નીવડશે.

અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ ઉમેર્યુ હતું કે, ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા અત્યાર સુધી ૧૩૭ તાલીમ કાર્યક્રમો વિવિધ વિષયો પર યોજવામાં આવ્યુ છે. છેલ્લા એક-બે વર્ષથી સંસદીય વિષયો ઉપરાંત હેલ્થ અવેરનેસ વેલ્થ અવેરનેસ યોગ, એક્યુપ્રેશર મનોચિકિત્સા, હેલ્થ એન્ડ સ્ટ્રેસ મેનેજમેન્ટ અને ટેક્નોલોજીનો માનવ જીવન પર પ્રભાવ જેવા વિવિધ ઉપયોગ/વિષય ઉપર તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે.

વિધાનસભા સચિવ ડી.એમ. પટેલે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે સંપત્તિનું સર્જન નાણાની યોગ્ય બચતમાંથી જ થાય છે. નાણાંની બચત અને રોકાણ જો યોગ્ય જગ્યાએ હશે તો જ જરૂર પડ્યે તેનો ઉપયોગ થઈ શકશે, તે માટે નાણાંનું સંચાલન કેવી રીતે કરવું તે જાણવું જરૂરી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સિદ્ધાર્થ ભટ્ટે વેલ્થ મેનેજમેન્ટ વિષય પર માર્ગદર્શન આપતા કહ્યું હતું કે, કોવિડ-૧૯ મહામારી દરમિયાન હેલ્થ એન્ડ વેલ્થ એક સિક્કાની બે બાજુ છે તેમ સાબિત થઈ ચૂક્યું છે. બચત અને રોકાણ એટલે શું? અને રોકાણ ક્યાં અને કેટલું કરવું જોઇએ? બેંકમા રોકાણના કેટલા અને ક્યા વિકલ્પો છે? તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ બચત અને રોકાણ સંબંધિત યોજનાઓ વિશે માહિતી આપી હતી સિદ્ધાર્થ એ વિધાનસભા અધ્યક્ષશ્રીનો આભાર માનતા કહ્યું હતું કે, સશક્ત રાષ્ટ્રના નિર્માણ માટે નાગરિકોએ વેલ્થ મેનેજમેન્ટ ઉંડાણપૂર્વક સમજવું ખૂબ જ આવશ્યક છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિલેશ શાહે બચત, રોકાણ અને આવકના સ્ત્રોતોનું સર્જન સંદર્ભે માર્ગદર્શન આપતા કહ્યું હતું કે, બચત અને રોકાણ યોગ્ય દિશામાં હશે તો આપોઆપ આવકના સ્ત્રોતોનું સર્જન થશે. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધોરાજીમાં અનારાધાર વરસાદ: ત્રણ ઈંચ ખાબકતા લોકોમાં આનંદ



ધોરાજી,તા.૧૦

ધોરાજીમાં મેઘરાજા ઓળઘોળ બન્યા હોય તેમ બપોર બાદ અનરાધાર વરસાદ વરસવાનું શરૂ કર્યું હતું. ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોરાજીમાં ત્રણ ઈંચ જેવો વરસાદ નોંધાયો છે. આથી દુકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. ધોધમાર વરસાદથી રસ્તા પર નદીની જેમ પાણી વહ્યાં હતા. ત્રણ ઈંચ વરસાદથી લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આજથી સાત દિવસ સુધી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારથી જ રાજકોટમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. પરંતુ બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો જોવા મળ્યો હતો અને ૩.૩૦ વાગ્યે મેઘરાજાએ પધરામણી કરી હતી. શહેરના જંક્શન, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યાજ્ઞીક રોડ, કાલાવડ રોડ, મોરબી રોડ સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો. તેમજ સોરઠિયાવાડી વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. સોરઠિયાવાડી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે તો શહેરના અનેક વિસ્તારો એવા છે જ્યાં હજુ તડકો જોવા મળી રહ્યો છે. જોકે અહીં પણ સાંજ સુધીમાં મેઘરાજા મંડાય જાય તેવી આશા સૌ રાખી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી લોકો વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યાં છે. રાજકોટમાં ધીમીધારે વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાયા હતા. શહેરીજનો હજી પણ ધોધમાર વરસાદની રાહ જોઇ રહ્યાં છે. આગાહીના કારણે ખેડૂતોના જીવમાં જીવ આવ્યો છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ પડવાની આગાહી કરી છે. રાજકોટ જિલ્લામાં વાવણી બાદ વરસાદ ખેચાતા કપાસ, મગફળી, મગ, અડદ, મકાઈ સહિતના પાકો સુકાવા લાગ્યા છે. ત્યારે વરસાદની આગાહીને લઈને ખેડૂતોમાં પાક બચી જશે તેવી આશા જાગી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ રૂ.૭.૬૫ કરોડના ૧૭ કામોની જાહેરાત કરશે

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ જિલ્લામાં ૧૧ જુલાઈએ ૧૨૨૦ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના સાણંદ,બાવળા અને દસક્રોઈ તાલુકામાં અંદાજે ૩૪.૯૩ કરોડથી વધુ કામોનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે કરાશે. અમદાવાદ જિલ્લામાં થયેલા કુલ ૧૨૨૦ વિકાસકાર્યોમાં સાણંદ તાલુકાના ૧૦૬૨ કામ, બાવળા તાલુકાના ૧૩૮ કામ અને દસક્રોઈ તાલુકાના ૨૦ કામનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રુ. ૩૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે, તેમ જ ૭.૬૫ કરોડના નવા વિકાસલક્ષી કાર્યોની જાહેરાત પણ કરશે. ગાંધીનગર મતક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ૨ કામોનું ખાતમુહુર્ત કરશે અને ૧૭ જેટલા વિકાસકામોની જાહેરાત કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી સાણંદ તાલુકામાં નવનિર્મિત આંગણવાડી , રોડ-રસ્તાના કામ, પાણી-પુરવઠાને લગતાને વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત અનેક ગામડાઓમાં તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી પ્રાથમિક શાળાઓમાં કાર્યાન્વિત થનારા સ્માર્ટ ક્લાસરુમનું પણ લોકાર્પણ કરશે. સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ પસંદગી પામેલા માણકોલ ગામમાં નવા બનનારા પંચાયત ઘરનું ખાતમુહૂર્ત પણ કરશે. આ ઉપરાંત ગ્રામ્ય પ્રજાની સુખાકારીમાં વૃદ્ધિ કરતા અનેકવિધ કામોની ખાતમુહૂર્ત કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી મુખ્યમંત્રી સડક યોજના હેઠળ અનેક ગામડાઓમાં નિર્માણ પામનારા રસ્તાઓ અંગેની પણ જાહેરાત કરશે.

## તિલકવાડા તાલુકાના

# માંગુ ગામની સીમથી પહાડ પુલ પાસે રોડની સાઈડમાં માથામાં ગંભીર ઇજા કરી કરપીણ હત્યા કરતા ચકચાર

રાજપીપલા, તા૧૦

તિલકવાડા તાલુકાના માંગુ ગામની સીમથી પહાડ પુલપાસે રોડની સાઈડમાં માથામાં ગંભીર ઈજા કરી કરપીણ હત્યા કરતા ચકચાર મચી જવા પામી છે જયાર મરનારની લાશ પહાડની પુલ પાસે રોડની બાજુમાં મળીઆવતા પોલીસે ખૂંન નો ગુનો નોંધી તપાસ આદરી છે.

આ અંગેની ફરિયાદ ફરીયાદી રાજેશભાઇ શનાભાઇ બારીઆ (ઉ.વ.૪૮ ધંધો નોકરી હાલ રહે.છ૭૬૩ શીવાલય બંગ્લોઝ પરિવાર ચાર રસ્તા પાસે વાઘોડીયા રીંગરોડ વડોદરા મુળ રહે.માગુ તા.તિલકવાડા જી.નર્મદા)એ અજાણ્યા ઈસમ સામેફરિયાદ નોંધાવી છે

ફરિયાદની વિગત અનુસાર ફરીયાદીના પિતા શનાભાઈ નાનાભાઈ બારીઆ (ઉ.વ.૩૦ રહે.માગુ તા.તિલકવાડા જિ.નર્મદા)ને કોઈ અજાણ્યા ઈસમે કોઈ પણ કારણોસર માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તથા ડાબા ખભાના નીચેના ભાગે ઈજાઓ કરી માંગુ ગામનીસીમમાં થી પહાડ ગામના પુલ પાસે મોત નિપજાવી તેની લાશ પહાડની પુલ પાસે રોડની બાજુમાં મળી આવતા પોલીસે તપાસ આદરી છે

જયોતિ જગતાપ, રાજપીપલા

# મોદીનું 'જનોઈવાઢ' મંત્રીમંડળ; બૂંગ્યો ફૂંકાઈ ગયો છે



પ્રધાનમંત્રી બન્યાંના સાત વર્ષ પછી અને ૨.૦ મોદી સરકારના પહેલાં મંત્રીમંડળ વિસ્તારમાં મોદીએ તમામ ધારણા, સંભાવના અને ચિંતનને કોરાણે મૂક્તું "જનોઈવાઢ" મંત્રીમંડળની રચના કરી છે. નરેંદ્ર મોદી પહેલીવાર પ્રધાનમંત્રી બન્યાં ત્યારે તેમની આસપાસ ગોઠવાઈ ગયેલ કે ગોઠવી દેવાયેલ જનોઈધારી મંત્રીઓની ફૌજ તેમેણે ક્રમશઃ નિરસ્ત કરી છે. અને તે પણ જ્ઞાતી-જાતિના આધરે નહી પણ કાબેલિયત અને કામના આધારે. જે. પી. નડ્ડાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા પછી અને મોદી સરકારના બીજા કાર્યકાળના પહેલાં મંત્રીમંડળ વિસ્તરણ પહેલાં હેવીવેઈટ, અનેક મંત્રાલયોના ધણી અને ચોક્કસ રણનીતિ અનુસાર પ્રધાનમંત્રીની આસપાસ ગોઠવાઈ ગયેલ કે ગોઠવી દેવાયેલ જનોઈધારી મંત્રીઓ પ્રકાશ જાવડેકર, રવિશંકર પ્રસાદ, રમેશ પોખરિયાલ ઉપરાંત ગોયેલ સામ્રાજ્યના ડૉ. હર્ષવર્ધનની છુટ્ટી અને પિયુષ ગોયેલને રલ્વે મંત્રાલયમાંથી બદલી અનેક સુચક સંદેશાઓ આપી દીધાં છે. તો વળી પાંચ-પંદર એવાં નેતાઓ પણ હતાં જે 'વર મરો કે કન્યા, ગોર મહારાજનું તરભાણું ભરો' નિયમ અનુસાર સતત સરકાર કે સંગઠનના અગત્યના પદ પર ચોંટી જ રહ્યાં હતાં. ગ્રાસરૂટ પર કંઈ કામ બોલતું ન હોય છતાંય પાર્ટી કહે તો લોકસભા લડી હાર્યા પછી રાજ્યસભાના રસ્તે બેકડોર એંટ્રી કરનારાઓને પણ સબક શીખવ્યો છે અને શીખવતાં રહેશે.

ભારત આઝાદ થયું ત્યારથી માંડીને હમણા સુધી બહુમતી પ્રતિનિધિત્વ ધરાવતાં લોકો સિમિત જ્ઞાતીમાંના જ એક હતાં..! અને અનેકવિધ શક્યતાઓમાં કાબેલિયત કે કામના આધરે નહી, પણ જ્ઞાતી કે ગોત્રના આધારે..! અમુક મંત્રાલય તો તમુક જ્ઞાતી પાસે જ હોવું જોઈયેના જે મીથની કલ્પના કે રચના કરવામાં આવી હતી તેનો મોદીએ ભાંગીને ભુક્કો કરી નાંખ્યો છે. આમેય કૃષ્ણએ ગીતામાં કહ્યું જ છે: 'કર્મેશુ જ્ઞાતી' આ સુત્ર અનુસાર પહેલીવાર ભારત સરકારના મંત્રીમંડળમાં જન્મની જ્ઞાતીનો આધાર નહીં પણ કર્માનુસાર આવડતના ધોરણે મંત્રીપદ અને મંત્રાલય આપવામાં આવ્યાં છે. ૭૭ની ક્ષમતાવાળા વર્તમાન મંત્રીમંડળમાં ૨૭ ઓબીસી, ૧૨ શિડ્યુલ કાસ્ટ અને ૮ શિડ્યુલ ટ્રાઈબ મળીને ૪૭ મંત્રીઓ નિમ્નવર્ગમાંથી સમાવિષ્ટ કરાયાં છે.

આ વાત વાંચ્યા પછી સ્વાભાવિકપણે વિચાર આવે કે જ્ઞાતી-જાતી કે ગોત્રના આધારે અત્યાર સુધી થતી આવતી નિમણૂકોનો વિરોધ કે તેની સામે આક્રોશ વ્યકત કર્યાં પછી નિમ્નવર્ગ સંદર્ભે એ જ વાત કેમ..?..! અહી આ વાત કહેવાનો આશય એ છે કે મોદીજીએ વર્તમાન મંત્રીમંડળમાં એવાં સમાજ કે તેનાં લોકોને પણ સ્થાન આપ્યું છે જેઓ અત્યાર સુધી માત્ર મતદારો જ હતાં. અથવા તો દરેક મંત્રીમંડળમાં એક કે બેને સ્થાન આપ્યાં પછી તેમને આદિવાસી કલ્યાણ મંત્રાલય કે સામાજિક અધિકારીતા વિભાગ કે ક્યારેક નાનકડું મંત્રાલય આપી તેમના સમાજને ભાગીદારી અપાયાનો ડોળ કરાતો હતો. પણ લાગે છે કે છેવાડાના માનવી સુધી જવાની વાત કે ઉપેક્ષિત સમાજને પ્રતિનિધિત્વ અપાવવાની વાત હવે ખરા અર્થમાં કરવામાં આવી હોય તેમ ભાસે છે.

આ વાત આટલેથી જ નથી અટકી પણ મંત્રીમંડળમાં સ્થાનની સાથે મંત્રાલયની ફાળવણી સુધી લંબાઈ છે. શિક્ષણ મંત્રાલય ધર્મેંદ્ર પ્રધાનને આપી જ્ઞાતીગત મોનોપોલી દૂર કરવામાં આવી છે. આવું જ કંઈ સ્વાસ્થ્ય, કાનુન અને પર્યાવરણ સહિત શહેરી વિકાસ અને રેલ્વે જેવાં અનેક મંત્રાલયોમાં એકહથ્થુ કે એકચક્રી શાસન જમાવી બેઠેલાં લોકોને તેમની લાયકાત ને ઔકાત બતાવી કટ ટુ સાઈઝ કરાયાં છે..!

નરેંદ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યાં તે પહેલાં ગુજરાતમાં ભાજપાની માતૃ કે ભગિની સંસ્થાઓ વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ અને આર. એસ. એસ. નો દબદબો હતો. તેમની તૂતી બોલતી હતી. ભાજપી આગેવાન કરતાં પણ વધુ સત્તા અને પાવર તેઓ ભોગવતાં હતાં..! મોદીના આગમન પછી આર. એસ. એસ. સિવાયની લગભગ બધી જ સંસ્થાઓ ક્રમશઃ સત્તા અને પાવર વિમુખ થઈ તેના મૂળ કામે લગાડી દેવાઈ હતી. હવે લાગે છે કે મોદીએ આર. એસ. એસ.નો વારો કાઢ્યો છે. લાગે છે કે એવો મેસેજ અપાઈ રહ્યો છે કે જનોઈધારીઓને સતત પ્રોટેકટ કરતી આ સંસ્થામાં અને સંસ્થા માટે જેમણે લોહી રેડ્યું કે મહેનત કરી તેઓ હવે કોરાણે નહીં રાખી શકાય.

ખૈર..! વાજપેઈ મંત્રીમંડળમાંના લગભગ બધાં જ મંત્રીઓ વિદાય પામી ચૂક્યા છે. આ નવલોહિયું અને મોદીબ્રાંડ મંત્રીમંડળ છે. અહીં કર્મના આધારે અને ખરા અર્થમાં છેવાડાના માનવીને મુખ્યધારામાં લાવવાની વાત કરાશે. જ્ઞાતી-જાતી કે ગોત્રની વાત કરનારા કે તેમની વાતને અભરાઈએ ચઢાવી દેવાની શરુઆત થઈ ચૂકી છે. તોય હજુ આવાં કર્મઠ લોકો અને સમાજોને વધુ મહત્વવાળું સ્થાન આપવું પડશે. શરૂઆત થઈ ચૂકી છે. આગે આગે દેખો હોતા હૈ ક્યા..?

CMYK

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય, રચના
વિષય : " ધર્મ - અધર્મ ' " દરકાર - બેદરકાર " વિષયક..રચનાઓ દિવસ - ૬

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંદોટ,અરૂણાબેન ત્રિવેદી
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG.SS.NO :0001
વિષય :-- દરકાર – બેદરકાર
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " સ્વતંત્રતા કેટલી ?"

આપણે માતા પિતા હોવાનાં નાતે આપણા બાળકને કેટલી સ્વતંત્રતા આપીએ છીએ ? શું એમને પોતાનાં નિર્ણય પોતાની રીતે લેવાની છૂટ આપીએ છીએ ? માત્ર કહીએ છીએ કે અમે અમારા સંતાનોને બધી જ છૂટ આપી છે પણ ખરેખર આપી નથી હોતી . એક એવા ડર સાથે સિલેક્ટીવ છૂટ આપીએ છીએ કે સંતાનો પોતાની જવાબદારીમાં બેદરકાર હોય છે .જ્યાં સુધી આપણાં કુટુંબની પ્રણાલીકાને અનુસરે ત્યાં સુધીની જ સ્વતંત્રતા આપીએ છીએ .આમ ક્યાંક ને ક્યાંક આપણી માન્યતા અને મત સંતાનોને વારસામાં આપીએ છીએ અને એ પ્રમાણે જ એમણે જિંદગી જીવવી જોઇએ એવો દુરાગ્રહ પણ રાખીએ છીએ .

જ્યાં સુધી શાળામાં હોય ત્યારે તેને ગમતી પ્રવૃત્તિ , રમત ગમત ,નાટક આ બધામાં રસ લઈને તેને મદદરૂપ થઈએ છીએ .ઉચ્ચ અભ્યાસમાં પણ પસંદગીનો અવકાશ આપીએ છીએ .અહીં સુધી તો બરોબર છે .સંતાનને સ્વતંત્રતા આપી , જેવો અભ્યાસ પુરો કરીને નોકરી કે ધંધો શરૂ કરે એટલે છેલ્લી જવાબદારી પાર પાડવાની ઉતાવળમાં લાગી જઈએ છીએ , અને એ પણ એટલે કે ક્યાંક સંતાન પોતાની જાતે પાત્ર પસંદ કરીને લગ્ન ના કરી લે ! ખરી પરીક્ષા જ અહી થાય છે .જે સંતાનને બધી સ્વતંત્રતા અત્યાર સુધી આપતા હતા એમાં હવે માપ દંડ શરૂ થાય છે .

દીકરો હોય તો તેનો માપ દંડ અલગ અને દીકરી હોય તો તેને કેટલી સ્વતંત્રતા આપવી એની ગણતરી શરૂ થઈ જાય છે. દીકરો પોતાની જ જ્ઞાતિની યુવતીને પસંદ કરે એવી ઈચ્છા મા બાપને હોવા છતાંય કમને પણ દીકરાને જ્ઞાતિનાં વાડા તોડીને અન્ય યુવતી સાથે લગ્ન કરવાની છૂટ આપે છે .જ્યારે દીકરીએ તો જાણે ઘોર અપરાધ કર્યો હોય અને એનાં કારણે પોતાની આબરૂનું જાણે નીલામ થઇ ગયું હોય એવો ભાવ જન્મે છે .

દીકરી નાની હોય ત્યારે ઢીંગલી પસંદ કરવાની એને છૂટ હતી. અત્યારે એને પણ પોતાનો જીવનસાથી પસંદ કરતી વખતે જ્ઞાતિ ,ધર્મનો ભેદ આડો ધરી દઈએ છીએ. આપણે જેને દીકરીનાં જીવનસાથી તરીકે પસંદ કરીએ છીએ તે ખરેખર આપણી દીકરીને પ્રેમ આપી શકશે કે નહી તે પણ જાણવાની આપણે દરકાર નથી લેતાં .જેને આપણે આપણાં જીવની જેમ ઉછેરી,પછી દીકરીને એનો પતિ સન્માન આપશે કે નહિ?

સંચાલક : પ્રદીપ રાવલ

---

NOG SS No : 0048
વિષય - ધર્મ - અધર્મ, દરકાર - બેદરકાર
શીર્ષક - સમજણ

રીટાબેનનાં એકમાત્ર સંતાન નીવનાં લગ્ન તેની જોડે કામ કરતી રીવા જોડે થયાં. ઘરની આર્થિક પરિસ્થિતિ સધ્ધર થાય એ માટે રીવાએ નોકરી ચાલુ રાખી. રીટાબેનને આ બંને કારણથી રીવા માટે થોડો અણગમો, પરંતુ રીવા સમજદારીથી બધું સાચવી લેતી.

ત્રણ વર્ષનાં દાંપત્યજીવને તેમનાં આંગણે લક્ષ્મીનું આગમન થયું. નીવ અને રીવા બંને નોકરી કરતાં હોવાથી નાનકડી ઢીંગલીની સારસંભાળ અને કાળજી રાખવાની જવાબદારી રીટાબેન પર આવી, જે તેમને ન ગમતું. તે કહેતાં, "આ ઉંમરે મારે ધર્મ કરવો કે તમારાં સંતાનને સાચવવું ? હું ભલી ને મારો ભગવાન ભલો." આવું કહી તેઓ થોડાં દિવસો થાય એટલે જાત્રાએ ઉપડી જતાં. નીવ અને રીવા સમજાવતાં, "મમ્મી, ભગવાનનાં દર્શન કરવાં એ જ સાચો ધર્મ નથી. પરિવારની વ્યક્તિઓને પડતી તકલીફોનો વિચાર ના કરો અને ભગવાનને ભજો તો ભગવાન પણ ખુશ ન થાય."

રીટાબેન આ બધું ધરાર અવગણતાં અને પોતાની મરજી પ્રમાણે કરતાં. નીવ અને રીવાએ તેમને સમજાવવાનું છોડી પોતાની દીકરીની સારસંભાળ માટે એક આયાબેન રાખ્યાં.

સમય પસાર થતાં ક્યાં વાર લાગે ! નીવ અને રીવાની દીકરી બારેક વર્ષની થઈ. હવે એ સમજણી થઈ હોવાથી પોતાનાં કામકાજ જાતે કરતી. વૃદ્ધાવસ્થાનાં આરે રીટાબેનની તબિયત નરમ ગરમ રહેવા લાગી. તેઓને નીવ-રીવા અને દીકરીની હાજરીની ઝંખના રહેતી. પોતે ભૂતકાળમાં કરેલ વર્તન યાદ આવતાં ક્યા મોઢે તેમની અપેક્ષા રાખે એ વિચારતાં.

ત્રણેય જણ સમજદાર હતાં, એકબીજાનાં વ્યસ્ત સમયપત્રકને ધ્યાનમાં રાખી, તેઓ વારાફરતી રીટાબેન જોડે સમય પસાર કરી તેમની કાળજી લેતાં. નાનકડી પૌત્રી અને દીકરા-વહુને અનઅપેક્ષિત રીતે પોતાનું ધ્યાન રાખતાં જોઈ રીટાબેનને ધર્મ અને દરકારનો સાચો અર્થ સમજાયો.

પ્રકૃતિ શાહ 'પ્રીત'

---

NOG SS No - 0050
વિષય - ધર્મ -અધર્મ
શીર્ષક- ધર્મ શું છે

. ધર્મ એટલે ભેદની ભયભીતોને ભાંગે, ભ્રમણામાં ના નાખે. અભય આપે માણસને ભ્રમથી દૂર કરીને બ્રહ્મ સુધી લઈ જાય. સત્ય ,પ્રેમ, કરુણા ત્રણ હોય ત્યાં ધર્મ . સત્ય માણસને અભય આપે છે. પ્રેમ માણસ પાસે સમર્પણ કરાવે ને કરુણા માણસને અહિંસક રાખે. સત્ય, પ્રેમ અને કરુણા રૂપી ત્રણ પૈડાવાળી સાઇકલ ને ફેરવવી ના પડે. બીજા ધક્કો મારે જ્યાં દેખાય ત્યાં સનાતન ધર્મ. હિન્દુ હોય, મુસ્લીમ હોય, એ ઈસાઈ કે કોઈપણ ધર્મ હોય પછી.

ઓરડામાં મંદિર હોય ને તમે પૂજાપાઠ ના કરો. તો તમે અધાર્મિક છો. ના તમારામાં સત્ય હોવું જોઈએ, પ્રેમ હોવો જોઈએ અને કરુણા હોવી જોઈએ. મહાદેવને બીલીપત્ર ચઢાવી એ શિવરૂપી ધર્મના ત્રણ નેત્ર. એક આનંદ હોય અનુપમ. ત્રિદલં ત્રિગુણાકારં એક બીલીપત્ર શિવાર્પણમ. આ બીલીમાં પણ સત્ય, પ્રેમ અને કરુણા છુપાયેલા છે. ગાંધીજીએ પણ કહેલું છે "સત્ય એ જ પરમાત્મા છે". ઈશુએ પણ કહેલું છે" પ્રેમ જ પરમાત્મા છે".

ધર્મ એટલે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેનું પ્રથમ પગથિયું. અનુશાસની પાઠશાળા જ્યાં સકારાત્મકતાની સાથે શિસ્તનું સિંચન થાય છે. ધર્મનો અંતિમ હેતુ અવગુણો નાશ કરી ગુણોનું સિંચન કરીએ.

ઉપવાસ કરવાનો હેતુ શારીરિક અને માનસિક શુદ્ધિ. પાચનતંત્ર સારું રહે અને ઊર્જાનો સંચાર કરે. દાન ધર્મ નો નિયમથી પરોપકારનો ગુણ ને ત્યાગનો ગુણ શીખવાડે છે. ધર્મ ડરાવવા માટે નહીં પણ નિર્ભય બનાવે આપણને .

ધર્મ આપણને આંધળું અનુકરણ ના કરો કે ના કરવા દો. કોઈને મજબૂર ના કરો. રીતિરિવાજોને સમજો એનું મન સમજો. અનુકરણ અને અનુસરણ વચ્ચેની પાતળી ભેદરેખા ને સમજો. જે કરવાથી જાન-માલ કે બીજાને નુકસાન થાય કે સંકટમાં આવે કોઈને એને અંધશ્રદ્ધા કહેવાય.

ધર્મને સમજો ને પચાવો સારી રીતે તો ધર્મ મહાન છે.

રાગીની શુક્લ" રાગ", મુંબઈ, કાંદિવલી

---

NOG SS NO.0031
વિષયઃ- ધર્મ અધર્મ
વિભાગઃ- ગદ્ય
પ્રકાર-ટૂંકી વાર્તા
શીર્ષકઃ- સાચો ધર્મ

તે દિવસ રોનકના દાદાની પુણ્યતિથિ હતી.ઘરમાં તિથિની પૂજા ચાલી રહી હતી??. દાદાજીનાં ફોટા સામે વિધ વિધ મિઠાઈ,મેવા, ફળનાં થાળ ધરાવવામાં આવ્યા હતાં.

પૂજા પૂરી થવામાં જ્યાં થોડીવાર હતી ત્યાં રોનકના ઘરનાં આંગણે બે ભિક્ષુક જેવાં બે નાના ટાબરિયા આવ્યાં. તે સખત ભૂખ્યાં હોય તેવું લાગતું હતું. આ જોઇ કોલેજમાં ભણતાં રોનકે દાદાજીની સામે ધરાવેલ ફળનાં થાળીમાંથી ફળ લઇ પેલાં બાળકોને આપ્યાં. આ જોતાં જ પૂજા કરાવતાં મહારાજ અને કુટુંબીઓ રોનક પર બૂમો પાડવા લાગ્યાં કે એણે પૂજા પૂરી થયાં પહેલાં થાળીમાંથી પ્રસાદ બીજાને આપી અધર્મ કર્યો.

આ સાંભળતાં જ રોનકે કહ્યું, " અધર્મ હું નહી તમે લોકો પેલાં ભૂખ્યા બાળકોને કંઇ ખાવાનું ન આપી કરી રહ્યાં હતાં. પૂજા પાઠ બધું આપણે શ્રધ્ધાથી કરીએ પરંતુ સાચો ધર્મ તો જરૂરિયાતમંદ વ્યક્તિને સમયે મદદ કરવી તે છે. પૂજા પાઠ કરવાથી ભગવાન જેટલાં રાજી નથી થતાં તે કોઇને મદદ કરવાથી રાજી થાય છે."

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

NOG.S.S. NO.0098
प्रकार:- गद्य
विषय;- धर्म-अधर्म
शीर्षक:- परोपकार

हमारे देश (भारत) का जनजीवन धर्म और आध्यात्म से ओत-प्रोत है। ऐसे कई पर्व व त्यौहार हैं,जिनकी नींव में मुख्य रूप से धर्म और आध्यात्मिक भावनाएं मिलती हैं। कर्तव्य परायणता जैसे अनेक नैतिक मूल्यों,अनेक पौराणिक तथा ऐतिहासिक आख्यान इसके साक्षी हैं।

संसार का प्रत्येक धर्म, धर्म से जुड़ी पौराणिक कथाएँ, ग्रन्थ हमें न्याय, नैतिकता,दया, करूणा का पाठ पढ़ाती हैं। विश्व में , समाज, राष्ट्र व इतिहास में महान इंसानों के अनेकों उदाहरण हैं।

ऐसे कितने ही संत हुए, जिन्होंने मानवजाति के कल्याण की कामना करते हुए कर्म किए। कर्म तभी श्रेष्ठ होता है,जब वह मन से संचालित हो। जो दूसरों के हितार्थ तथा स्वार्थ-निरपेक्ष रहकर किया गया हो।

परहित सरिस धर्म नहिं भाई।

अर्थात:- परोपकार से बढ़कर कोई
दूसरा धर्म नहीं है।

पर पीड़ा सम नहिं अन्याई।
अर्थात:- दूसरों को पीड़ा देना ,अन्याय करना ये पाप समान है।

अतः परोपकार ये सभी धर्मों का मूल प्रेरक है। जब हम अपनी सामर्थ्य व क्षमतानुसार निष्काम भाव से किसी पीड़ित, दीन-हीन या जरुरतमंद व्यक्ति की सेवा करते हैं , उसके जीवन में ख़ुशियाँ लाते हैं, तो हमारा वहीं कर्म भला धर्म ही तो है। मनुष्य की परोपकार की भावना ही सबसे बड़ी मनुष्यता है। सिर्फ मनुष्य ही नहीं प्रकृति भी हमें परोपकार के अनेकों रुप दिखाती है। अतः हमें प्रकृति और परमात्मा के प्रति समर्पित रहकर परोपकार की भावना लिए हुए कर्म व धर्माचरण करते रहना चाहिए।

✍️
लीना शर्मा..हालोल।

# દેશમાં શું ચાલી રહ્યું છે, કદાચ આપણે હજી સૂઈ રહ્યા છીએ ..?

માત્ર પેટ્રોલ અને ડીઝલ મોંઘા થયા ..? ૨૦૧૪ પહેલા સરસવનું તેલ લિટર દીઠ ૬૫ રૂપિયા હતું. હવે પ્રતિ લિટર ૨૧૦ રૂપિયા

ખાંડ ૨૫ રૂપિયા પ્રતિ કિલો હતી. હવે ૪૨ રૂપિયા પ્રતિ કિલો

આખા દેશમાં સૌથી મોંઘી વીજળી ઉત્તર પ્રદેશમાં ઉપલબ્ધ છે

સિમેન્ટની કિંમત ૧૯૫ રૂપિયા થશે. હવે ૪૧૦ રૂપિયા

સ્ટીલની કિંમત ૩૬૦૦ રૂપિયા છે, હવે ૬૫૦૦ રૂપિયા

રેતી ૧૫૦૦ રૂપિયાની ટ્રોલી હતી, આજે ૬૦૦૦ રૂપિયાની ટ્રોલી

મોટરસાઇકલની કિંમત ૫૦,૦૦૦ રૂપિયા હતી. હવે રૂ .૯૦,૦૦૦

મેડિક્લેમ ઈન્સ્યુરન્સ ૧ લાખ દીઠ ૧૦૪૯ રૂપિયા હતું, હવે રૂ .૪૧૦૦

ડીશ રિચાર્જ ૧૧૦ રૂપિયા હતો, હવે રૂ .૪૫૦

ગેસ સિલિન્ડર રૂ. ૩૫૦ નું હતું, હવે રૂ .૮૮૦

ગેસ સબસિડી ૨૫૦ રૂપિયા હતી, હવે ૦ શૂન્ય

ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન માટે વધુમાં વધુ ૧૦૦ રૂપિયા, હવે ૧૦૦૦૦

૬૦ વર્ષમાં એકલા દેશ પર ૫૫૦૦૦ કરોડનું દેવું હતું, હવે ૧ લાખ ૮૦૦૦ કરોડ છે

ડ્રાઈવિંગ લાઈસન્સ ૨૫૦ માં બનાવવામાં આવ્યું હતું હવે તે ૫૫૦૦ માં બનાવવામાં આવે છે.

ઘરેલુ હથિયારનું નવીકરણ ૧૦૦૦ માં થતું હતું હવે ૬૦૦૦ માં થાય છે

2 crore કરોડ પરિવારો ગરીબી રેખાથી ઉપર હતા, હવે ૩૫ કરોડ પરિવારો ગરીબીની રેખા નીચે ગયા છે

રેલ્વે પ્લેટફોર્મ ટિકિટ rupees રૂપિયા, હવે પ્લેટફોર્મ ટિકિટ રૂ .૩૦

કેરોસીન તેલ ૨૦ રૂપિયા પ્રતિ લિટર,હવે ૬૦ રૂપિયા પ્રતિ લિટર અને સપ્લાય પણ બંધ થઈ ગઈ છે.

મોબાઇલ ઈનકમિંગ મફત હતો હવે આવવાનું ચાલુ રાખવા માટે તમારે દર મહિને રૂ. 9 pay ચૂકવવા પડશે.

એટીએમમાંથી પૈસા ઉપાડવાનો ચાર્જ રૂ .૦ હતો. હવે જ્યારે પણ તમે ૩ વખતથી વધારે ઉપાડશો ત્યારે, રૂ. ૧૦૫

દેશ પર ૨.૫ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું. હવે ૨૫ લાખ કરોડ

કુલ ઘરેલું ઉત્પાદન ૧૧% વત્તા હતું હવે બાદબાકી ૨૪% બેરોજગારીનો દર ૨% હતો, હવે ૧૪% કરતા વધારે છે

૭ વર્ષ વીતી ગયા, નીચેનાનું શું થયું -

૧) કોઈ મોટી હોસ્પિટલ બનાવવામાં આવી ન હતી
૨) ના વાડ્રાને જેલમાં મોકલવામાં આવ્યો હતો
૨) ન તો આપણે વિશ્વગુરુ બની શકીએ
૪) ૧૫ લાખ મળ્યા નથી
૫) કાળા નાણાં પાછા આવ્યા નહીં

ધ્યાન આપો,
દેશમાં શું ચાલી રહ્યું છે,
કદાચ આપણે હજી સૂઈ રહ્યા છીએ ..?

૬) દાઉદ, નીરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા કે કોઈ એક બેંક ભાગેડુને પકડ્યો ન હતો અને પાછા ભારત લાવવામાં આવ્યો હતો.
૭) ૭ વર્ષમાં રોજગાર નથી
૮) ન તો ગંગા સ્વચ્છ હોઈ શકે
૯) મહિલાઓ પર અત્યાચાર અટક્યા નહીં
૧૦) કોઈ સ્માર્ટ સિટી મળી નથી
૧૧) કોઈ બુલેટ ટ્રેન દોડી ન હતી
૧૨) કોઈ આતંકવાદી પ્રવૃત્તિ કે બનાવ બંધ ન થયો
૧૩) કોઈ ફુગાવો ઘટાડો થયો નથી
૧૪) કોઈ પેટ્રોલ-ડીઝલ સસ્તું થયું નથી
૧૫) કોઈ ખેડૂતને યોગ્ય ભાવ મળ્યો નથી
૧૬) કોઈ કાશ્મીરી પંડિત ઘરે પરત ફર્યો નહીં
૧૭) ના સ્ટાર્ટઅપ ઈન્ડિયા
૧૮) નો મેક ઇન ઇન્ડિયા
૧૯) કોઈ કૌશલ ભારત
ના ડિજિટલ ભારત
૨૧) કોઈ સારા દિવસો નથી
૨૨) ચીન સરની લાલ આંખોથી ડરતા નહોતા.
૨૩) z dollarલરના ટીપાં નહીં
૨૪) કોઈ ગરીબને અનામત નથી મળી
૨૫) દલિતો પર અત્યાચાર ઓછો થયો નથી પરંતુ ૨૦૦% જેટલો વધારો થયો
૨૬) સરહદ પર સૈનિકોની શહાદત ઓછી થઈ શકી નહીં.

સ્વયં ઘોષિત ચોકીદારે ૧૮-૧૮ કલાક કામ કર્યા પછી ખરેખર શું થયું?

ખૂબ વિચાર્યું ઉશ્કેરણીજનક સંદેશ

સારા દિવસોની સરકાર ૬ વર્ષમાં શું કામ કરી રહી છે? આધાર કાર્ડ બનાવો

બેંક ખાતાને આધાર નંબર સાથે લિંક કરો, મોબાઈલ સાથે આધાર નંબર લિંક કરો.,ાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરો, એલપીજી ગેસ નંબર લિંક આધાર, જુલાઈ પહેલાં તમારું વળતર ફાઇલ કરો., Changeનોટેશન બદલો., એક્સચેંજ થયેલ નોટોનો ટ્ર ્ક્ષિક રાખો., દેશિતે ગેસ સબસિડી છોડી દેવાનું કામ કરવું જોઈએ., એટીએમમાંથી વારંવાર પૈસા ઉપાડશો નહીં., જો તમે લાંબા સમયથી એટીએમમાંથી પૈસા ઉપાડો છો તો દંડ ચૂકવો

બેંક ખાતામાં પૈસા જમા કરો જો તમે બેંક ખાતામાં ઓછા પૈસા રાખશો તો દંડ ભરવો. જો તમે બેંક ખાતામાં વધુ પૈસા મુકતા હો, તો તે ખાતાને જણાવો જ્યાં તમને ખૂબ પૈસા મળ્યા હતા. જો તમે બેંકમાં વધુ પૈસા મૂકશો તો ટેક્સ ભરવો. તમારા માલ પર કર ચૂકવો સેવા પર કર ચૂકવો કફન પર વેરો ભરવો.

તમારા બધા પૈસા બેંકમાં મૂકો અને ૪૦ હજારથી વધુ નાણાં ઉપાડવાના સરકારના આદેશનું પાલન કરો. તમારા ખાતામાં રાખેલા પૈસા માટે તમારી બેંક જવાબદારી લેશે નહીં. બાળકોને આધાર નંબર મળ્યા પછી જ શાળામાં પ્રવેશ મળશે

ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશમાં બીફ ન ખાશો, અહીં ગાય માતા છે. તમે ગોવા, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, આસામમાં બીફ ખાવાથી આનંદ કરી શકો છો. યોગ શાળામાં યોગ કરો કારણ કે યોગગુરુ રામદેવ હવે મોદી સરકારની સબસિડી મળ્યા બાદ બિઝનેસ ટાયકૂન બનીને ફેક્ટરી ચલાવી રહ્યા છે.

ચાઈનીઝ ચીજોનો જાહેરમાં ઉપયોગ કરશો નહીં. માત્ર સરકાર ચીની કંપનીઓને કરાર આપી શકે છે. પેટ્રોલ / ડીઝલ સહિતની તમામ આવશ્યક ચીજવસ્તુઓના ભાવ આસમાને લગતા છે પરંતુ દૂધની કિંમત બિસ્લેરી પાણી કરતા ઓછી છે. ગમે ત્યાં કંઈપણ ખરીદો. પરંતુ સરકારને જીએસટી આપવાનું ભૂલશો નહીં. દરેક વસ્તુ પર વિવિધ પ્રકારના જીએસટી ચૂકવવા પડશે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશનના ઉદ્ઘાટન માટે કરોડો રૂપિયા ખર્ચીને ઝૂંપડપટ્ટીઓને ઢાંકવાનું કામ પૂર્ણ થયું હતું. ભારતમાં ૮૦૦ રેલ્વે સ્ટેશનો પર નિઃ શુલ્ક વાઈ-ફાઈ પ્રદાન કરવા માટે સરકારે ગૂગલ સાથે રૂ. ૪.૫ લાખ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

૮૬,૦૦૦ કરોડ ખેડૂતોની લોન માફી માટે નહોતા. પરંતુ સરકાર પાસે વાઈફાઈ માટે ૪.૫ લાખ કરોડ રૂપિયા છે. રોગચાળામાં લોકોને હોસ્પિટલો, ઓક્સિજન, એમ્બ્યુલન્સ અને દવાઓની અછતનો સામનો કરવો પડ્યો હતો, લાખો લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો, પરંતુ અફસોસ, છેલ્લા ૬ વર્ષોમાં એક પણ ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર બેડ બનાવવાની ફેક્ટરી કે કોઈ મોટી વસ્તુ નથી. હોસ્પિટલ બનાવવામાં આવી શકે તેમ છતાં પણ કરોડોના ફૂલો કાવંડીઓને વરસાવવામાં આવ્યા છે તમે મને કહો, લોકોને ટકી રહેવા માટે બ્રેડની જરૂર છે? Wi-Fi?

ગોરખપુરની બીઆરડી હોસ્પિટલમાં ગરીબ પરિવારોના ૧૦૦ થી વધુ બાળકોનું મોત માત્ર ૬૯ લાખ રૂપિયાની ચુકવણી નહીં થવાને કારણે ઓક્સિજનના અભાવે મોત નીપજ્યું હતું. મુખ્યમંત્રી યોગી જી, જેમના ૭૫ ૭૫ સાંસદ અને ૭ ૩૩૭ ધારાસભ્યો છે, તેઓ કહે છે કે બાળકોનું મોત ઓક્સિજનના અભાવને કારણે નહીં પણ બિનઆરોગ્યપ્રદ સ્થિતિને કારણે હોસ્પિટલમાં થયું હતું. હવે કહો, શું તેમનો ક્લીન ઈન્ડિયા અભિયાન ભારતમાં નહીં પણ પાકિસ્તાનમાં છે? ×અચ્છે સાહેબ, આ ટકી રહેવાનું ભાષણ નથી, સરકાર માટે આ એક રેશન છે જેનો તેઓ પોતાનો બચાવ કરવા માટે ઉપયોગ કરે છે.

તને ખબર નથી? ×

જો તમે ખરા ભારતીય નાગરિક છો તો આ વાત બધા સાથે શેર કરો

ભલે તમે ભાજપ સાથે જોડાયેલા હોય તો પણ સાચું કહેવામાં શું જાય છે.તા .ક .?? વિકાસ વંઠી ગયો ,,,ભારત વિશ્વગુરુ બની ગયું ,,, આસારામ જેલમાંથી ચુંટણી લડવાના મુડમાં છે ,,,????ગધેડા કમાણા ,,ડાયા ડખે ચઢ્યાં ,,,

એક ગુજરાતી

# બીજા રાજ્યોની તુલનામાં ગુજરાતમાં કોરોનાના કેસમાં થયેલો ઘટાડો સરકારની "સાચી દિશા" સૂચવે છે : મુખ્યમંત્રીશ્રી

કોરોનાકાળમાં પણ અમે ગુજરાતની વિકાસની ગતિ ધીમી થવા દીધી નથી, તેમ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં હોટલ હયાત ખાતે ટીવી-૯ દ્વારા આયોજીત કાર્યક્રમમાં જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કોરોનાના કેસમાં થયેલો ઘટાડો સરકારની "સાચી દિશા" સૂચવે છે.તેમણે ઉમેર્યું હતું કે, એક સમયે કોરોનાના કેસનો આંક ૧૪ હજારને પાર કરી ગયો હતો, તે ઘટીને આજે માત્ર ૫૬ થઈ ગયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કોરાનાના કારણે અમેરિકામાં ૧૩ મેયરના રાજીનામાંનો સંદર્ભ આપતા જણાવ્યું હતું કે, અમે કદી પલાયન કર્યું નથીઅને કરવાના નથી. તેમણે આ અંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઈએ અમને આફતને અવસરમાં પલટાવવાનું શીખવ્યું છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં રાજ્ય સરકારે કોઈ આંકડા છુપાવ્યા નથી અને અમારી સરકારે હંમેશા પારદર્શકતાથી કામ કર્યું છે, તેનું દસ્તાવેજીકરણ કર્યું છે. અને જરુર પડે ત્યારે અદાલતોમાં એફિડેવિટ પણ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે , ગુજરાત હાઈકોર્ટના આદેશનું પાલન કરીને અમે શાસનનું દાયિત્ત્વ નિભાવ્યું છે.

કોરોનાના સમયમાં ગુજરાત સરકારે કરેલી કામગીરીનો ચિતાર આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લા સવા વર્ષથી રાજ્ય સરકારનો એજન્ડા કોરોના જ રહ્યો છે. તેમણે કહ્યું કે અસાધારણ પરિસ્થિતિમાં અસાધારણ પગલા લેવા પડે એ ન્યાયે ગુજરાત સરકારે કોરોના માટે કોર કમિટિની રચના કરી ત્વરીત નિર્ણયો લીધા છે. અમે ક્યારેય Confusion માં હોતા નથી, હંમેશા Actionમાં જ હોઈએ છીએ, એમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, અમે ફક્ત ચૂંટણીને આધારે જ કામ નથી કરતા, અમારા માટે પ્રજાનું હિત સર્વોપરી છે.

બીજા વેવમાં ઘણા રાજ્યોએ લોકડાઉન કર્યું, પણ ગુજરાતે જનજીવન પણ રાબેતા મુજબ ચાલે અને કોરાનોને પણ નિયંત્રિત કરવાનો અભિગમ અપનાવ્યો. જેના પગલે જ ગુજરાતમાં બેરોજગારીનો દર માત્ર ૨.૫ ટકા જ રહ્યો, જે અન્ય રાજ્યોમાં ૨૦ ટકા જેટલો રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ તાઉતે વાવાઝોડામાં ગુજરાત સરકારે દાખવેલી કટિબદ્ધતાનો દાખલો આપતા કહ્યું કે, વાવાઝોડા સમયે મેં જાતે કંટ્રોલરુમમાં બેસી નીરિક્ષણ કર્યું અને પરિણામે વ્યાપક જાનહાનિ થતી અટકાવી શકાઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, તાઉતે વાવાઝોડા બાદ અસરગ્રસ્તોને રુ. ૫૦૦ કરોડથી




વધુની સહાય DBT મારફતે સીધા ખાતામાં પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી સમયમાં તમામ યોજનાના લાભ ડ્ઢમ્ મારફતે પહોંચાડવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમામાં ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશ બારોટ, દંડક શ્રી અરૂણ રાજપૂત, પૂર્વ મેયરશ્રી અમિતભાઈ શાહઅને વરિષ્ઠ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના અધ્યક્ષપદે મિશન ઇન્દ્રધનુષ અને IDCF અંતર્ગત બેઠક યોજાઇ

# નર્મદા જિલ્લામાં તા. ૧૨મી જુલાઇ,તા. ૧૭મી ઓગષ્ટ અને તા.૧૩ મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ મિશન ઇન્દ્રધનુષ કાર્યક્રમ યોજાશે



રાજપીપલા,તા ૧૦

જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના અધ્યક્ષપદે તાજેતરમાં રાજપીપલા કલેક્ટરાલયના કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલી મિશન ઈન્દ્રધનુષ અને IDCF ની બેઠકમાં જિલ્લામાં રસીકરણથી બાકી રહી ગયેલ માતાઓ અને ૦ થી ૫ વર્ષની વયના બાળકોને સ્પેશીયલ ડ્રાઇવ દ્વારા સંપુર્ણ રસીકરણ થાય અને કોઇપણ માતા અથવા બાળક રસીકરણથી વંચીત ન રહે તે રીતનું સૂચારૂં આયોજન ઘડી કાઢવા જિલ્લા કલેક્ટરશ્રી ડી.એ.શાહે સુચના સાથે જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી પી.ડી.પલસાણા, સિવીલ સર્જન ડૉ. જ્યોતિબેન ગુપ્તા, અધિક આરોગ્ય અધિકારીશડૉ. વિપુલ ગામીત, તાલુકા આરોગ્ય અધિકારીઓ, જિલ્લા ટી.બી ઓફિસર, આઇ.સી.ડી. એસ વિભાગના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ક્રિષ્નાબેન પટેલ સહિત જિલ્લાના સંબંધિત અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉક્ત બેઠકને સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રી ડી.એ.શાહે નોવેલ કોરોના મહામારીને અનુલક્ષીને કોવિડ-૧૯ વેકસીનેશનની કામગીરી ચાલી રહી છે ત્યારે વેક્સીનેશનમાં પણ કોઇપણ પ્રકારની તકલીફ ન પડે તે રીતે અલાયદી ટીમ થકી મિશન ઈન્દ્રધનુષ અંગે રસીકરણની કામગીરી અને IDCF પખવાડીયા ઉજવણી થકી જિલ્લાના નિયત કરાયેલ માતા અથવા બાળકને આવરી લેવાય તે રીતનું સૂચારૂ આયોજન ઘડી કાઢવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં અધિક આરોગ્ય અધિકારીશ્રી ડૉ. વિપુલ ગામીતે પાવર-પોંઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમના દર વર્ષે ત્રણ રાઉન્ડ યોજવામાં આવે છે તેમજ ચાલુ વર્ષે તા.૧૨ મી જુલાઇ, તા.૧૭ મી ઓગસ્ટ અને તા. ૧૩ મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ યોજાશે, જેમાં નોટ ફુલ્લી ઈમ્યુનાઈઝેશન વાળા બાળકો, કોમ્યુનિકેશનથી વંચીત, માઈગ્રેશનવાળા અને કટઓફ વિસ્તારના તેમજ રસીકરણથી બાકી રહી ગયેલ બાળકો અને સગર્ભા માતાઓને આવરી લેવામાં આવે છે. આ કાર્યક્રમ અંતગર્ત ૦ થી ૫ વર્ષથી નાના બાળકો અને સગર્ભા માતાઓ જે નિયમીત રસીકરણ કાર્યક્રમથી વંચિત રહી ગયા છે તેવા બાળકો અને ધાત્રીમાતાઓનું સંપૂર્ણ રસીકરણ માટે ઈન્દ્રધનુષ કાર્યક્રમ દ્રારા એક વધારાની તક આપવામાં આવે છે. સઘન મિશન ઈન્દ્રધનુષ એક વિશેષ અભિયાન છે તેમજ નર્મદા જીલ્લાના કુલ-૪૭ બાળકો અને ૮ ધાત્રી માતાઓને આવરી લેવાશે. આ અંગેનું સુપરવિઝન અને મોનીટરીંગ રાજયકક્ષા, જીલ્લાકક્ષાએથી અને તાલુકાકક્ષાએથી કરવામાં આવે છે. ગયા વર્ષે ૨૨-માર્ચના રોજ મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ થયેલ જેમાં ૧૦૦ ટકા કામગીરી કરવામાં આવેલ હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુમાં, ડૉ. ગામીતે ડાયરીયાથી થતા બાળકોના મૃત્યુ અટકાવવા માટે દર વર્ષ ૦ થી ૫ વર્ષના બાળકોને આ કાર્યક્રમમાં આવરી લેવામાં આવે છે. ચાલુ વર્ષ- તા.૧૯ મી જુલાઈ થી તા.૨ જી ઓગસ્ટ સુધી IDCF પખવાડીયું ઉજવવાનું રાજયકક્ષાએ નકકી કરાયું છે જે અંતર્ગત આંગણવાડી અને આરોગ્ય શાખા ધ્વારા મળી ૦ થી ૫ વર્ષના બાળકોને ડાયરીયા ધ્વારા થતા મૃત્યુ અટકાવવા માટે આંગણવાડી, વર્કર અને આશા, એફએચડબલ્યુ ધ્વારા ORS અને Zinc નો ઉપયોગ કઇ રીતે કરવો અને બાળકને કઇ રીતે બનાવીને આપી શકાય તે બાબતની યોગ્ય જાણકારી આપવામાં આવે છે. ORS અને Zinc ના પેકટ તમામ ૦ થી ૫ વર્ષના બાળકોને આપવામાં આવે છે. જેથી ૦ થી ૫ વર્ષના બાળકો ડાયેરીયાને કારણે મૃત્યુ થાય છે જે અટકાવવામાં સહાયરુપ થાય છે. તેમજ બાળકો ને સ્કુલમાં હેન્ડ વોશીંગ ડેમોસ્ટ્રેશન કરી સ્ટેપ શીખવવામાં આવે છે. મોબાઇલ હેલ્થ ટીમ ધ્વારા અર્બન એરીયામાં કામગીરી કરવામાં આવે છે. સને ૨૦૨૧-૨૨માં ૪૬૨૯૪ બાળકોને આવરી લેવામાં આવનાર છે. જે અંગેનો પુરતો જથ્થો ORS – ૮૦૦૦૦ પેકટ અને Zinc- ૪૫૦૦૦ પેકટ પુરતા પ્રમાણમાં હોવાનું ડૉ. ગામીતે વધુમાં ઉમેર્યું હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### નર્મદા સહિત ગુજરાતમા ગ્રામ પંચાયતોને

## સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે આમૂ સંગઠન નર્મદાએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા



રાજપીપલા, તા ૧૦

નર્મદા સહિત ગુજરાતમા ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે આમૂ સંગઠન નર્મદા એ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યાછે. જેમાં આમૂ સંગઠન નર્મદાના પ્રમુખ મહેશભાઈ વસાવાએ હાઇકોર્ટ મા જાહેરહીતની અરજી દાખલ કરીછે.

તેમના જણાવ્યા અનુસાર છેલ્લા અઢી વર્ષથી ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો છતાં કોઈ પરિણામ ન આવતા આમું સંગઠન છેલ્લા સપ્તાહ મા પાંચ દિવસના ધરણા પણ કર્યા હતા અને અનેક રજુઆતોપણ કરી હતી છતાં તંત્ર દ્વારા કોઈ નિરાકરણ ન આવતા મહેશભાઈ વસાવાએ હવે સમગ્ર ગુજરાતમાંબાકી રહેલા ગામોને પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાની માંગ કરી છે તેમના જણાવ્યા અનુસર ગુજરાતમા કૂલ ૧૮૫૮૪ ગામડાઓ આવેલાછે તે પૈકી પંચાયતોને સ્વતંત્ર દરજ્જો મળી ચુક્યો છે પણ હજી ૪૫૬૭પંચાયતોને સ્વતંત્ર દરજ્જો મળ્યો નથી. જે માટે તેમણે લડત ઉપાડી છે.જયારે આદિવાસી વિસ્તાર નર્મદા જિલ્લા મા ૬૧૩ ગામડાઓ પૈકી હજી ૩૧૪ ગામોને પંચાયતોને સ્વતંત્ર દરજ્જો મળ્યો નથી.તે માટેની પણ તેમની લડત છે

મહેશ વસાવાએ જણાવ્યું હતું કે હવે ગ્રામ પંચાયત /તાલુકા પંચાયત/જીલ્લા પંચાયત ના ઠરાવ ની કોઈ જરુર નહિ પડે એમના ઠરાવો તિજોરી મા સંગ્રહી રાખે તેવુ જણાવવામાં આવે છે ગુજરાત હાઈકોર્ટ ગરીબ ગામડાઓ ના હિતમાં અને ન્યાય ના હિતમાં ઐતિહાસિક ચૂકાદો અને યોગ્યે ન્યાય આપશે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ. આ કેસમાં ગુજરાત રાજય સરકાર ના IAS સહિત ના ૧૨ અધિકારી ઓને પક્ષકાર બનાવામા આવ્યા છે.યોગ્ય ચુકાદા થી દરેક ગામ ને સ્વતંત્ર ગ્રામ પંચાયત મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## માંડણથી બોરીદ્રા ગામ તરફના વળાંકમાં બે મોટર સાઇકલ અકસ્માત મા એકનું મોત એક ગંભીર

રાજપીપલા, તા ૧૦

નાંદોદ તાલુકાના માંડણથી બોરીદ્રા ગામ તરફ ના વળાંકમાંબે મોટર સાઇકલ અકસ્માત મા એકનું મોત નીપજ્યું છે જયારે એકને ગંભીરઇજા થવા પામી છે

આ અંગે રાજપીપલા પોલીસ મથકે ફરીયાદી શનાભાઈ દમણીયાભાઈ વસાવા (ઉ.વ ૨૦ ધંધો ખેતી રહે-ધાટોલી નિશાળ ફળીયુ તા-ડેડીયાપાડા જી.નર્મદા)એ આરોપીમોટરસાઈકલ નંબર ય્ત્ન.૨૨૧૫૫૧૪ નો ચાલક સામે રાજપીપલા પોલીસમા ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગત અનુસાર મોટરસાઈકલ નંબર GJ.221.5514 નો ચાલકે પોતાની મો.સા પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફરીયાદીના છોકરાની મોટર સાઈકલ નંબર GJ.22.3991 ની સાથે એક્સીડેંટ કરી ફરીયાદીના છોકરા અરવીંદભાઈ શનાભાઈ વસાવા (ઉ.વ.૨૭ રહે- ધાટોલી તા-ડેડીયાપાડા જી.નર્મદાના)ને શરીરે માથાના ભાગે તથા કપાળના ભાગે તથા ડાબી આંખ પાસે તથા ડાબા પગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચતા તેનું ઘટના સ્થળ ઉપર મોત નિપજયું હતું.તેમજ એક્સીડેંટ કરનાર મો સા ચાલકને તથા બાળકને પણ શરીરે ઈજાઓ પહોચાડી ગુનો કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

## કોરોનાના કઠીનકાળમાં ગુજરાત સરકારે નાના વેપારીઓને શ્રેણીબદ્ધ રાહત આપી :ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ

ગુજરાત સરકારે કોરોનાના કઠીનકાળમાં નાના વેપારીઓને સંખ્યાબંધ રાહતો આપી ઉદ્યોગ-ધંધાને ટકાવી રાખવા-પ્રોત્સાહિત કરવાના પ્રયાસો કર્યા છે, તેમ ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે અમદાવાદની હયાત હોટલ ખાતે આયોજીત ટીવી- ૯ના કોક્લેવમાં જણાવ્યું હતું.




ઉર્જામંત્રીશ્રીએ કહ્યું કે, કોરોનાની બે લહેરમાં ઉદ્યોગ-ધંધાને વ્યાપક અસર થઈ હતી અને આ અસરોને ખાળવા માટે ગુજરાત સરકાર દ્વારા નાના વેપારીઓને, ઉદ્યોગ સાહસિકોને વીજળીબિલમાં રાહત અને વેરાઓમાં છુટછાટ આપવા જેવા શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, નાના વેપારીઓ તેમની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઓનલાઈન વેચાણ કરે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે.

શ્રી સૌરભભાઈએ આગામી પાંચ વર્ષમાં ગ્રામ્ય વિસ્તારોમાં હકારાત્મક પરિવર્તન જોવા મળશે તેમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, કોરોના બાદ જગત ઘણું બદલાયું છેઅને આરોગ્યના ક્ષેત્રમાં ભવિષ્યમાં ક્રાંતિ સર્જાશે. ઉર્જામંત્રીશ્રીએ એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, આગામી ચોમાસુ સારુ જતા વિકાસદરમાં વૃદ્ધિ થશે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત અને ગુજરાતની પ્રોત્સાહક નીતિઓના પગલે કંપનીઓ ચીનના બદલે અહીં રોકાણ કરવા માટે આકર્ષિત થઈ રહી છે.

આ સેશનમાં ઉર્જામંત્રીશ્રી ઉપરાંત મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ તેમ જ જી.સી.સી.આઈના અધ્યક્ષ શ્રી નટુભાઈ પટેલ પણ જોડાયા હતા.

## કોરોનાના કપરા કાળમાં પોલીસ જવાનોએ ભૂખ્યાને અન્ન પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું : ગૃહ રાજ્યમંત્રીશ્રી

કોરોનાકાળમાં કોન્સ્ટેબલથી માંડીને કમિશનર સુધી સૌએ ફરજપાલનનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે, તેમ ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપિસિંહ જાડેજાએ અમદાવાદની હયાત હોટલના આયોજીત ટીવી - ૯ ના કોક્લેવમાં જણાવ્યું હતું.



ગૃહરાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં પોલીસના જવાનોને માનવીય ચહેરો આપણી સામે આવ્યો અને તેમને ભૂખ્યાને અન્ન પહોંચાડવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું. શ્રી જાડેજાએ ઉમેર્યુ હતું કે, લોકડાઉનમાં પોલીસતંત્રએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કાનૂનનો સુપેરે અમલ કરાવ્યો અને જેના પરિણામે કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં ઘણી મદદ મળી હતી.

શ્રી પ્રદીપસિંહ જાડેજાએ કોરોનામાં શ્રમિકોની વતન વાપસી માટે ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા કરાયેલા પ્રયાસોની રુપરેખા આપતા જણાવ્યું હતું કે, કોરોનાના કારણે લાખોની સંખ્યામાં શ્રમિકો તેમના વતન પરત ફરી રહ્યા હતા ત્યારે તેમના માટે રાજ્ય સરકારે વાહન વ્યવહારની સુવિધા ઉપ્લબ્ધ કરાવવા માટે ગંભીરતાપૂર્વક પ્રયાસો કર્યા. તેમણે ઉમેર્યું કે દુરસુદુરના ગામડાઓ અને નગરો સુધી શ્રમિકોને પહોંચાડવા માટે વિશેષ બસ અને ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. .

શ્રી જાડેજાએ ૧૯ માર્ચે પહેલો કેસ આવ્યો ત્યારથી માંડીને કોરોનાની સંભવિત ત્રીજી લહેર સુધીના સમયપટનો ચિતાર આપતા કહ્યું કે, ગુજરાત અને ભારત સરકાર માટે કોવીડના પ્રોટોકોલની અમલવારીનું કામ ઘણું પડકારજનક હતું, પરંતુ તેમાં ઈશ્વરની કૃપાથી આ પડકારને ઝીલીને આપણે તેમાંથી હેમખેમ બહાર આવ્યા.

શ્રી પ્રદીપસિંહે કોરોના જ્યારે ટોચ પર હતો ત્યારે નકલી રેમડેસેવીર અને તેની કાળાબજારને અટકાવવા માટે પોલીસ તંત્રએ લીધેલા કઠોર પગલાની વિગતો આપતા કહ્યું કે, જ્યારે સવાલ નાગરિકોના જીવનનો હોય ત્યારે ગુજરાત સરકારે કદી ઢીલું વલણ અપનાવ્યું નથી, અને કાળાબજાર કરનારાઓ સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

ગૃહરાજયમંત્રીશ્રીએ રથયાત્રા તેમ જ આગામી અન્ય તહેવારોની ઉજવણી સંદર્ભના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જે તે સમયે પ્રવર્તમાન પરિસ્થિતિને અનુરુપ નિર્ણયો લેશે.

આ સેશનમાં ગૃહરાજ્યમંત્રીશ્રી ઉપરાંતઆરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ,ગુજરાત મેડિકલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ શ્રી મોનાબહેન દેસાઈ તેમ જ શહેરના ગણમાન્ય નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### માણાવદર પ્રજાપતિ સમાજ ખાતે યોજાયેલ

## લોક સંવાદ કાર્યક્રમમાં ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરવામાં આવ્યા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડા ની સૂચના અનુસાર ધોરાજી ના ધારાસભ્ય લલિતભાઈ વસોયા અને જિલ્લા પ્રમુખ નટુભાઈ પોંકિયા ના માર્ગદર્શન હેઠળ તાલુકા કોગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી શહેર કોંગ્રેસ પ્રમુખ વિજય ઝાટકીયા તેમજ કોગ્રેસી અગ્રણી હરીભાઈ પટેલ,જીજ્ઞેશભાઈ છૈયા,દિલીપભાઈ જસાણી, બટુકભાઈ મીનીપરા,મેદરડા તાલુકા પંચાયત ના વિરોધ પક્ષના નેતા તેજસ વઘાસીયા, જીલ્લા મહામંત્રી વી.ટી.સીડા, અને વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણીઓની આગેવાની માં



રોજબરોજ પેટ્રોલ-ડીઝલ અને રાંધણગેસ સહિત દૈનિક જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓના અસહ્ય ભાવ વધારા કરવામાં આવી રહ્યા છે જેના વિરોધમાં માણાવદર શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રજાપતી સમાજ ખાતે એક લોક સંવાદ મિટિંગ નું આયોજન કરવામાં આવેલ જેમાં સરકાર ની રીતિનીતિ નો આક્રોશ ભેર વિરોધ પ્રદર્શિત કરી વિસ્તૃત ઠરાવ પસાર કરાયો હતો આ તકે શહેર અને તાલુકાના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આ પ્રસંગે ધોરાજી ના ધારાસભ્ય લલીતભાઈ વસોયા એ કહેલ કે ભાજપ સરકારે છેલ્લા આઠ મહિના મા અનેક વાર ડીઝલ, પેટ્રોલ તેમજ રાંધણ ગેસના ભાવ આસમાને પહોંચાડીયા છે જયારે કોગ્રેંસ ની સરકાર કેન્દ્ર મા હતી ત્યારે ખાલી નજીવો વધારો કર્યો ત્યારે ભુતપુર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી બાજપાઇ દવારા સંસદમાં બળદગાડા લઈ ને વિરોધ પ્રદર્શન કરેલ. પણ અત્યારે ભાજપ સરકાર એ ત્રણ ગણા ભાવ કરેલ અને ગરીબ માણસો ને કેમ જીવવું એ પણ મુશ્કેલ બની ગયું છે. આ સરકાર ખોટા વચનો આપે છે. અને વિકાસ ના મોટા મોટા બણગા ફૂંકે છે.વિકાસ તો આમાં કોનો થયો તે બધા લોકો જાણે છે? કોરોના મા અનેક લોકો મરણ ગયેલ છે.પરંતુ આ ભાજપ સરકાર મોતનો પણ મલાજો ન્હોતી જાળવી શકી અને કોરોના કાળ મા મૃત્યુ ના સાચા આંકડા પણ જાહેર કરતા ન હતા. વિકાસશીલ ગુજરાત ના મુખ્યમંત્રી વિકાસ ના બણગા ફૂંકે છે.

રીપોર્ટર જીગ્નેશ પટેલ માણાવદર

## ભાજપ ગુજરાત પ્રદેશનાં સાંસ્કૃતિક સેલના પ્રદેશ કન્વીનર તરીકે રાજકોટનાં લોકગાયક બિહારી હેમુભાઇ ગઢવીની નિમણૂંક

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ સેલની સંરચના કરતાં પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટનાં ખ્યાતનામ લોકગાયક બિહારી હેમુભાઈ ગઢવીની સાંસ્કૃતીક સેલનાં પ્રદેશ કન્વીનર તરીકે વરણી કરાયેલ છે.



ગુજરાતની લોક સંગીત દુનિયાનું અમર નામ એટલે ઝાલાવાડનું ગૌરવવંતુ નામ સ્વ. હેમુ ગઢવી. ગુજરાતી લોકસંગીતના હેમ કંઠી લોકગાયક સ્વ. હેમુ ગઢવીના દિકરા તરીકે લોકગાયક તરીકેનો વારસો બિહારીભાઈએ જીવંત રાખી બહુ મોટું પ્રદાન કર્યું છે, આપણી ગુજરાતની અસ્મીતાને ઉજાગર કરી છે, એવા ચારણ સમાજના ચાહિતા ગાયક શ્રી બિહારીભાઈ હેમુભાઈ ગઢવીને ગુજરાત ભાજપ પ્રદેશ સી.આર. પાટીલ દ્વારા તેમની સંગીત સાધના અને કલા ઉપાસનાની કદરરૂપે પ્રદેશ કક્ષાએ સાંસ્કૃતિક સેલના કન્વીનરની નિમણૂંક આપી તે બદલ બિહારીભાઈ હેમુભાઈ ગઢવીની આ વરણીને સમસ્ત ચારણ સમાજ, ભાજપનાં સભ્યો, જાણીતાં વૈશ્વીક કલાકારો, માયાભાઈ આહીર, ઓસમાણ મીર, ધીરૂભાઈ સરવૈયા, કિર્તીદાન ગઢવી, દેવાયત ખવડ, સાંઈરામ દવે, યોગેશભાઈ ગઢવી, સમસ્ત ગઢવી સમાજ, ક્ષત્રિય સમાજ તથા ગુજરાતી કલા ક્ષેત્રના સ્ટેજ કલાકારો, પ્રસંશકો, સર્વે સમાજનાં ટેકેદારોએ આવકારીને બિહારીભાઈ હેમુભાઈ ગઢવીને શુભેચ્છાઓ પાઠવી છે. બિહારીભાઈ હેમુભાઈ ગઢવી (મો. ૯૯૨૫૦ ૭૫૪૩૭)

## કેન્દ્રીય મંત્રીમંડળ વિસ્તરણ ને આવકારતાં યુવા કોળી સમાજ ગુજરાત

### કોળી સમાજ માંથી શિક્ષિત સાંસદો ને મળ્યું મંત્રીમંડળ માં પ્રાધાન્ય તે આવકાર્ય : રસિક ચાવડા

ઉના

તાજેતર માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એ કેન્દ્રીય કેબિનેટ નું વિસ્તરણ કર્યું તેમાં કોળી ઠાકોર સમાજ ના ૩ (ત્રણ) લોકસભાનાં સદસ્યો નો મંત્રીમંડળ માં સમાવેશ થતાં યુવા કોળી સમાજ દ્વારા આવકાર્ય છે કારણ કે થોડા દિવસો પહેલાં જ યુવા કોળી સંગઠન ગુજરાત ના રસિક ચાવડા (ઉના)એ કોળી સમાજ માં યુવા રાજનીતિ અને શિક્ષિત લોકો ને રાજનીતિ માં પૂરતું પ્રતિનિધિત્વ મળે એ માટે અખબાર યાદી દ્વારા નિવેદન આપ્યુ હતું. ત્યારે આ મંત્રીમંડળ ના વિસ્તરણ માં કોળી સમાજ ના શિક્ષિત લોકો નો સમાવેશ કરવામાં આવ્યો. તેમાં સુરેન્દ્રનગર ના યુવા સાંસદ ડો.મહેન્દ્રભાઈ મુંજપરા તેવો (એમ. ડી.ડોક્ટર) છે. ખેડા ના યુવા સાંસદ દેવુસિંહ ચૌહાણ તેવો એન્જીનીયર ની ડીગ્રી ધરાવે છે. ઉત્તર પ્રદેશ ના જાલોન ના સાંસદ ભાનું પ્રતાપસિંહ વર્મા (એમ. એ. તથા એલ.એલ.બી.) સુધી નો અભ્યાસ કરેલ છે તેમજ તાજેતર માં નિમણુંક પામેલ ભાજપ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ભાવનગરના મહિલા સાંસદ ભારતીબેન શિયાળ જેવો (આયુર્વેદ ડોક્ટર )ની ડીગ્રી ધરાવે છે. ત્યારે હવે કોળી સમાજ નાં શિક્ષિતો ને પ્રતિનિધિત્વ આપવા આવ્યું છે. તે ખૂબ આવકાર્ય છે અને સમાજની પ્રગતિ માટે જરૂરી પણ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી વિધાસભાની ચૂંટણી ઓ માં પણ કોળી સમાજ ના શિક્ષિત અને યુવાનોને યોગ્ય પ્રતિનિધિત્વ દરેક રાજકીય પાર્ટીઓ દ્વારા આપવા આવે. તેવું યુવા કોળી સમાજ ના રસિક ચાવડા એ અખબારી યાદી માં જણાવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.